RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 72* Date: 07.01.2022 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ઓમિક્રોન લાવી શકે છે વધુ એક ખતરનાક કોવિડ વેરિઅન્ટ, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન




નવીદિલ્હી,તા.૬

ઓમિક્રોનનો ખતરો વિશ્વભરમાં બની રહ્યો છે. આવી સ્થિતિમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કોરોના વાયરસના નવા અને હાલના વેરિઅન્ટ કરતાં વધુ ખતરનાક વેરિઅન્ટની ચેતવણી આપી છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું છે કે વિશ્વભરમાં ઓમિક્રોનના વધતા કેસ નવા અને વધુ ખતરનાક વેરિઅન્ટનું જોખમ વધારી શકે છે. ઓમિક્રોન આખી દુનિયામાં દાવાનળની જેમ ફેલાઈ રહ્યું છે. જ્યારે આ વેરિઅન્ટ શરૂઆતમાં સામે આવ્યું હતું, ત્યારે તેના સંક્રમણની ગંભીરતા વિશે ઘણી અટકળો કરવામાં આવી હતી. પરંતુ હવે તેનું સંક્રમણ ખૂબ જ હળવું જોવા મળે છે. એ વાતને લઈ એવી સામે સામે આવવા લાગી છે કે કોરોના મહામારી જલ્દી ખતમ થઈ જશે અને જનજીવન પહેલા જેવું સામાન્ય થઈ જશે. પરંતુ ડબ્લ્યુએચઓએ જણાવ્યું છે કે આટલી જલ્દી બધું સારું થવાનું નથી, પરંતુ સ્થિતિ વધુ વણસી શકે છે. ઉઠ્ઠૅના વરિષ્ઠ કટોકટી અધિકારી કેથરિન સ્મોલવુડે જણાવ્યું છે કે ઓમિક્રોન સંક્રમણના વધતા દરની વિપરીત અસર થઈ શકે છે.

તેમણે જણાવ્યું કે જેટલો વધુ ઓમિક્રોન ફેલાય છે, તેટલી વાર વાયરસ તેનું સ્વરૂપ બદલે છે, તેટલી જ વધુ શક્યતા છે કે તેમાંથી એક નવું વેરિઅન્ટ ઉદ્ભવશે. ઓમિક્રોન ડેલ્ટા વેરિઅન્ટ કરતાં ઓછું ઘાતક હોઈ શકે છે, પરિણામે મૃત્યુદર ઓછો થાય છે. પણ કોણ જાણે નવું વેરિઅન્ટ કેટલું જોખમી હશે.. કંઈ કહી શકાય નહીં.

ડબ્લ્યુએચઓના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે યુરોપમાં મહામારીની શરૂઆતથી ૧૦ કરોડથી વધુ કોવિડ કેસ નોંધાયા છે અને ૨૦૨૧ ના છેલ્લા અઠવાડિયામાં ૫૦ લાખથી વધુ નવા કેસ નોંધાયા છે. કેથરિન સ્મોલવુડ જણાવે છે કે આ સ્થિતિ ખૂબ જ ખતરનાક છે.તેણે જણાવ્યું કે આપણે ખૂબ જ ખતરનાક સ્થિતિમાં છીએ. અમે જોયું છે કે પશ્ચિમ યુરોપમાં સંક્રમણનો દર ઘણો ઊંચો છે. અને તેની સંપૂર્ણ અસર શું થશે તે હજુ સ્પષ્ટ નથી.

કેથરિન સ્મોલવુડે જણાવ્યું હતું કે ઓમિક્રોન સંક્રમણને કારણે હોસ્પિટલમાં દાખલ થવાનું પ્રમાણ ઓછું હોવા છતાં, તે જે ઝડપથી ફેલાય છે તે વધુ જોખમ ઊભું કરી શકે છે. તેમણે જણાવ્યું કે ઓમિક્રોનના કેસ એટલા વધી ગયા છે કે તે ઘણા લોકોમાં ગંભીર સંક્રમણ લાવી શકે છે. તેનાથી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો થશે અને મૃત્યુઆંક પણ વધી શકે છે.

ઓમિક્રોનના વધતા જતા કેસોને કારણે યુરોપમાં ચિંતા વ્યાપી ગઈ છે. મંગળવારે યુકેમાં ઓમિક્રોન સંક્રમણની લહેરથી હોસ્પિટલમાં સ્ટાફની અછત સર્જાઈ હતી કારણ કે બ્રિટનમાં પ્રથમ વખત એક જ દિવસમાં કોવિડના ૨ લાખ નવા કેસ નોંધાયા હતા.

### સળંગ બીજા વર્ષે સમિટને કોરોનાનું ગ્રહણ

## કોરોનાના વધતા જતા સંક્રમણને પગલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ મોકૂફ



ગાંધીનગર,તા.૬

કોરોનાના વધતા જતા સંક્રમણને પગલે ગુજરાતની સૌથી મોટી ઈવેન્ટ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૨ સમિટ મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. ૧૦થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન યોજાનારી ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં કોરોનાના વધતા જતા કેસોને પગલે આ નિર્ણય લેવાયો છે. આ સાથે જ અમદાવાદનો ફલાવર શો પણ રદ કરવામાં આવ્યો છે. અમદાવાદ રિવરફ્રન્ટ પર એએમસી દ્વારા આયોજિત ફલાવર શો પણ રદ કરવાની જાહેરાત કરાઈ છે. જેની સત્તાવાર જાહેરાત બપોરે સ્ટેન્ડિંગ કમિટીમાં કરાશે. રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિમાં પાછલા એકાદ સપ્તાહથી ફરી વધારો થયો છે. કોરોના સંક્રમણ સાથે નવો વેરિએન્ટ એમિક્રોનના કેસો પણ જોવા મળ્યા છે. કોરોના અને એમિક્રોનના આ વાયરસનો વ્યાપ રાજ્યમાં વધુ ન ફેલાય તેની સંપૂર્ણ તકેદારી રાખીને અને આ મહામારીનું સંક્રમણ વધે નહી તેવા હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ બધી જ બાબતોને લક્ષમાં લેતાં રાજ્યના સૌ નાગરિકોના વિશાળ હિતમાં આગામી તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન યોજાનારી ૧૦ મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમિટના આયોજન માટે સતત માર્ગદર્શન અને પ્રેરણા આપી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિશેષ આભાર વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી હરહંમેશ માનવજાતના કલ્યાણ, સુખ અને સલામતી તથા સ્વાસ્થ્ય સુખાકારીના હિત ચિંતક રહ્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે, ગુજરાત વિકાસનું વૈશ્વિક મોડેલ છે અને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિશ્વભરના મૂડીરોકાણ કારો, ઉદ્યોગકારો, નિવેશકો માટે એક સક્ષમ પ્લેટફોર્મ બની રહી છે. આ સમિટમાં વિવિધ દેશોના વડાઓ, મહાનુભાવો, ઉચ્ચસ્તરિય પ્રતિનિધિ મંડળો તેમજ દેશભરના વેપાર-ઉદ્યોગ જગતના સંચાલકોએ સહભાગિતા માટે ઉત્સાહ દર્શાવ્યો હતો અને રજિસ્ટ્રેશન પણ કરાવ્યું હતું.

આ ૧૦ મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ રાજ્યને વિશ્વ વેપાર-ઉદ્યોગ ક્ષેત્રમાં નવી ઉંચાઈઓ પાર કરાવે તેવી પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકારે તેનું સમયબદ્ધ આયોજન કર્યું હતું. આ સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાયેલા રાષ્ટ્રો તથા સમિટમાં આવનારા મહાનુભાવો, ડેલિગેશન પ્રત્યે મુખ્યમંત્રીએ આભારની લાગણી વ્યક્ત કરી છે અને તેમના તરફથી આવો જ ઉમળકાભર્યો પ્રતિસાદ ભવિષ્યમાં પણ મળશે તેવી અપેક્ષા દર્શાવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમિટના પૂર્વાધ રૂપે યોજાયેલી પ્રિ-વાયબ્રન્ટ સમિટની સફળતામાં સહયોગી કેન્દ્ર સરકારના મંત્રીમંડળના મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓનો આભાર માન્યો છે. તેમણે રાજ્ય સરકારના વિવિધ વિભાગો, ઈન્ડ્રસ્ટીઝ એસોસિએશન, વેપાર-ઉદ્યોગ મંડળોએ ખૂબ જ ટૂંકાગાળામાં આવી સમિટના આયોજનને સફળ બનાવવા માટે આપેલા સહકારને બિરદાવ્યો છે.

## વિશ્વમાં કોરોનાના નવા ૨૫ લાખ કેસ

વોશિંગ્ટન,તા.૬

વિશ્વમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે, ફરી એકવાર આ મહમારીએ સમગ્ર દુનિયાને ભરડામાં લીધી છે. યુરોપ સહિત અનેક દેશોમાં કોરોનાના લીધે ભયાવહ સ્થિતિ જોવા મળે છે. છેલ્લા ૨૪ કલાકના સત્તાવર આંકડાકીય માહિતી પર નજર નાંખીએ તો આંકડા ચોકાવનાર છે. એક જ દિવસમાં અમેરિકામાં ૧૮૦૦ લોકોના મોત નિપજ્યા છે. અને એક્ટિવ કેસ દોઢ કરોડને પાર જોવા મળે છે. ફ્રાન્સની સ્થિતિ પણ ગંભીર છે, અહીંયા કોરોનાના ૩.૩૨ લાખ કેસ જોવા મળ્યા છે અને એકટિવ કેસ ૨૫ લાખની નજીક પહોચ્યા છે.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૦ હજારથી વધુ કેસ

નવીદિલ્હી,તા.૬

દેશમાં કોરોનાના કેસમાં બુલેટ ગતિથી વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. ગઈ કાલે નવા ૫૮,૦૯૭ કેસ નોંધાયા હતા. હાલ ડેઈલી પોઝિટિવિટી રેટ ૬.૪૩% એ પહોંચ્યો છે. કોરોનાને કાબૂમાં કરવા માટે રસીકરણ પણ પૂરપાટ ઝડપે થઈ રહ્યું છે. અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૪૮.૬૭ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૯૦,૯૨૮ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ દર્દીઓની સંખ્યા ૩,૫૧,૦૯,૨૮૬ પર પહોંચી ગઈ છે. એક દિવસમાં ૩૨૫ લોકોના મૃત્યુ થયા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો હવે ૪,૮૨,૮૭૬ થઈ ગયો છે. હાલ દેશમાં ૨,૮૫,૪૦૧ દર્દીઓ સારવાર હેઠળ છે.

ઓમિક્રોનના વધતા કેસે પણ દેશની ચિંતા વધારી છે. ખુબ ચેપી ગણાતા ઓમિક્રોન વેરિએન્ટના દર્દીઓ વધીને ૨,૬૩૦ થયા છે. જો કે રાહતની વાત એ છે કે અત્યાર સુધીમાં ૯૯૫ દર્દીઓ સાજા પણ થઈ ગયા છે. કોરોનાનો આ વેરિએન્ટ હવે ૨૬ રાજ્યો સુધી પહોંચી ગયો છે. સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૭૯૭ કેસ, દિલ્હીમાં ૪૬૫ કેસ નોંધાયા છે. ઓમિક્રોનનું જોખમ જોતા કેન્દ્ર સરકારે પણ રાજ્યોને તાકીદે પગલાં લેવા જણાવ્યું છે. વિભિન્ન રાજ્ય સરકારોએ કોરોના મહામારીના પ્રકોપથી બચવા માટે નાઈટ કરફ્યૂ, વીકેન્ડ કરફ્યૂ જેવા પ્રતિબંધો લાગૂ કર્યા છે.

## મોદીના પંજાબ પ્રવાસ દરમિયાન થયેલી સુરક્ષા ચૂકનો મામલો હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો

નવીદિલ્હી,તા.૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પંજાબ પ્રવાસ દરમિયાન થયેલી સુરક્ષા ચૂકનો મામલો હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો છે. બીજી બાજુ પંજાબની ચન્ની સરકારે આ મામલે તપાસ માટે ઉચ્ચ સ્તરીય કમિટી બનાવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સુરક્ષામાં થયેલી ચૂકનો મામલો સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એનવી રમન્ના સમક્ષ રજુ કરવામાં આવ્યો છે. ચીફ જસ્ટિસની બેન્ચ તેના પર શુક્રવારે વાત કરી શકે છે. મળતી માહિતી મુજબ સીનિયર એડવોકેટ મનિન્દર સિંહે આ મામલે જનહિત અરજી દાખલ કરી છે. અરજીમાં કહેવાયું છે કે આ પ્રકારની સુરક્ષામાં ચૂક સ્વીકારી શકાય નહી. અરજીમાં સીનિયર એડવોકેટ મનિન્દર સિંહે પંજાબ સરકારને યોગ્ય નિર્દેશ આપવા, જવાબદાર લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગણી કરી છે.

પંજાબ સરકારે પીએમ મોદીના ફિરોઝપુર પ્રવાસ દરમિયાન થયેલી ચૂક માટે ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરી છે. સમિતિમાં રિટાયર્ડ જજ મેહતાબ સિંહ ગિલ, પ્રમુખ સચિવ (ગૃહ મામલા) અને ન્યાયમૂર્તિ અનુરાગ વર્મા સામેલ હશે. કમિટી ૩ દિવસની અંદર પોતાનો રિપોર્ટ રજુ કરશે. પંજાબમાં પીએમ નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ચૂક પર સીએમ ચરણજીત સિંહ ચન્નીના દાવાનો પોલ ખોલતા વીડિયોમાં પ્રદર્શનકારીઓ પોસ્ટર ફાડતા જોવા મળી રહ્યા છે. ત્યારબાદ એ સવાલ ઉઠવા લાગ્યો છે કે શું પ્રદર્શનકારીઓને પહેલેથી ખબર હતી કે પીએમ મોદીનો કાફલો અહીંથી પસાર થવાનો છે.

૫ જાન્યુઆરીએ ઘટેલી આ ઘટના પર અનેક સવાલ ઉઠી રહ્યા છે. ફ્લાયઓવર પર જ્યારે પીએમ મોદીનો કાફલો ફસાયો તો ત્યાં કેટલાક પ્રદર્શનકારીઓ હાજર હતા. એટલું જ નહીં કેટલાક પ્રદર્શનકારીઓ તો ચા પીતા પણ જોવા મળ્યા અને ત્યાં ઊભેલી પોલીસ તમાશો જોતી રહી. અનેક પોલીસવાળા તો પ્રદર્શનકારીઓ વચ્ચે પણ જોવા મળ્યા. ફ્લાયઓવર પર પીએમ મોદીનો કાફલો ૨૦ મિનિટ સુધી ફસાયેલો રહ્યો. આવામાં સવાલ એ ઉઠે છે કે શું પીએમ મોદીનો રૂટ જાણી જોઈને લીક કરાયો? ૫ મોટા સવાલ મો વકાસીને ઊભા છે ૧. પીએમ મોદીનો રૂટ જાણી જોઈને લીક કરાયો? ૨. પીએમ મોદીના પહોંચતા પહેલા રસ્તો કેવી રીતે બ્લોક થયો? ૩. પ્રદર્શનકારીઓને કેવી રીતે ખબર પડી કે પીએમ અહીંથી પસાર થશે? ૪. પોલીસ પ્રદર્શનકારીઓને રોકી શકી કેમ નહીં? ૫. પીએમ મોદીના કાફલાને કોણે ખોટું ક્લિયરન્સ આપ્યું?

## કોરોના વિસ્ફોટને પગલે અમદાવાદમાં ફલાવર શો અને પતંગોત્સવ રદ

અમદાવાદ,તા.૬

કોરોનાના વિસ્ફોટ વચ્ચે ગુજરાત સરકારે વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૨ મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. ત્યારે અમદાવાદના રિવરફ્રન્ટ પર યોજાતા ફલાવર શોને પણ રદ કરવામાં આવ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકાએ ફલાવર શો રદ્દ કરવાની જાહેરાત કરી છે. વાઈબ્રન્ટ સમિટના પગલે મોડે-મોડે પણ, છસ્ઝ એ આખરે ફલાવર શો રદ્દ કરવાનો નિર્ણય કર્યો છે. આ સાથે જ અમદાવાદના આંગણે યોજાનાર પતંગોત્સવ પણ રદ કરવામાં આવ્યો છે.

વાઈબ્રન્ટ સમિટ મોકૂફ રહેવાની જાહેરાત થતા જ ફલાવર શોના રદ થવાની પણ જાહેરાત કરાઈ છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર ૮ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી સુધી યોજાનારો ફલાવર શો યોજાવાનો હતો, જે રદ કરવામાં આવ્યો છે. જોકે, અમદાવાદમાં યોજાનાર ઈન્ટરનેશલ કાઈટ ફેસ્ટિવલ પણ રદ કરવાનો નિર્ણય લેવાયો છે. રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિમાં પાછલા એકાદ સપ્તાહથી ફરી વધારો થયો છે. કોરોના સંક્રમણ સાથે નવો વેરિએન્ટ એમિક્રોનના કેસો પણ જોવા મળ્યા છે. કોરોના અને એમિક્રોનના આ વાયરસનો વ્યાપ રાજ્યમાં વધુ ન ફેલાય તેની સંપૂર્ણ તકેદારી રાખીને અને આ મહામારીનું સંક્રમણ વધે નહી તેવા હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ બધી જ બાબતોને લક્ષમાં લેતાં રાજ્યના સૌ નાગરિકોના વિશાળ હિતમાં આગામી તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન યોજાનારી ૧૦ મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.

અમદાવાદ માટે ચોંકાવનારા સમાચાર એ છે કે, શહેરમાં ૪૦ જેટલા નેતા કોરોના સંક્રમિત થયા છે. શહેર ભાજપ પ્રમુખ અમિત શાહ કોરોના સંક્રમિત થયા છે. આ સાથે ૪૦ જેટલા નેતાઓ કોરોનો પોઝિટિવ આવ્યા છે. મંગળવારે આ તમામ નેતાઓ રિવરફ્રન્ટ સ્થિત કાર્યક્રમમાં ધર્મચાર્ય આશીર્વાદ સમારોહમાં હાજર હતા. સમારોહમાં રાજ્યના ૫૦૦થી વધુ સાધુ સંતો હાજર રહ્યા હતા. જેથી સંતોમાં પણ ડર ભરાયો છે. ભાજપ શહેર પ્રમુખ અમિત શાહ, મહામંત્રી ભૂષણ ભટ્ટ, પરેશ લાખાણી, ઉપાધ્યક્ષ દર્શક ઠાકર, પૂર્વ કોર્પોરેટર અમુલ ભટ્ટ કોરોના સંક્રમિત થયા છે.

## ૧૦ જાન્યુઆરીએ કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાશે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

નર્મદા,તા.૬

નર્મદા જિલ્લા વહિવટીતંત્ર અને ગુજરાત પ્રવાસન નિગમ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧૦ મી જાન્યુઆરી, ૨૦૨૨ ને સોમવારના રોજ કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટીના એકતા પરેડ ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૨ યોજાનાર છે. જેની પૂર્વ તૈયારીઓ અને તેના સુચારા આયોજન અંગે નર્મદા જિલ્લા કલેકટર ડી.એ.શાહના અધ્યક્ષપદે ગઈકાલે રાજપીપલા કલેક્ટરાલય ખાતે યોજાયેલી બેઠકમાં શાહે જુદા-જુદા વિભાગોને સોંપાયેલી જવાબદારીઓ અને ફરજો સંદર્ભે સૂક્ષ્માતિસૂક્ષ્મ બાબતોની પૂરતી કાળજી સાથે આ ઉજવણી સુપેરે પાર પાડીને સફળ બનાવવા અંગે ઉપયોગી માર્ગદર્શન સહિત જરૂરી સૂચનાઓ આપી હતી. જિલ્લા વિકાસ અધિકારી પી.ડી.પલસાણા, પ્રાંત અધિકારી કે.ડી.ભગત, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક સુશ્રી વાણી દુધાત, નાયબ જિલ્લા વિકાસ અધિકારી તેજસ ચૌધરી, ગુજરાત પ્રવાસન નિગમના પ્રોજેક્ટ મેનેજર અજીત જોષી ઉપરાંત સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી ઉક્ત બેઠકમાં ચર્ચા દરમિયાન અપાયેલી જાણકારી મુજબ તા.૧૦ મી જાન્યુઆરીએ કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાનારા આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં વિદેશના વિવિધ દેશો ઉપરાંત ગુજરાત સહિત સમગ્ર દેશભરના અંદાજે ૧૫૦ જેટલા પતંગબાજો ભાગ લેશે.

## ગુજરાતમાં અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ તૂટી પડ્યો

ગાંધીનગર,તા.૬

હવામાન વિભાગની આગાહી વચ્ચે ગુજરાતમાં અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ (ણ્ઙ્ઘદ્બટ્ઠિં િટ્ઠૈહ) તૂટી પડ્યો છે. ત્યારે આજે વહેલી સવારે અમદાવાદ, અરવલ્લી, પંચમહાલ, સાબરકાંઠા જિલ્લામાં વરસાદ પડ્યો છે. અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ તૂટી પડ્યો છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. જેને કારણે ખેડૂતોને પાકના નુકસાનની ચિંતા સેવાઈ રહી છે.

વહેલી સવારે અમદાવાદમાં શહેરમાં ભર શિયાળે વરસાદી માહોલ છવાયો છે. અનેક વિસ્તારોમાં મોડી રાતથી કમોસમી વરસાદ તૂટી પડ્યો છે. વિવિધ વિસ્તારોમાં મોડી રાતથી હળવો વરસાદ તૂટી પડ્યો છે. શહેરના બોડકદેવ, સોલા, ઈસ્કોન, શિવરંજીની, વસ્ત્રાપુર, મણિનગર, એલિસબ્રિજ, નારોલ, નિકોલ, વસ્ત્રાલ, બાપુનગર, ખોખરા સહિત વિસ્તારમાં પણ વરસાદ તૂટી પડ્યો છે. અમદાવાદમાં સામાન્ય વરસાદની સાથે વિઝીબિલિટી પણ ઘટી છે. ધુમ્મસભર્યું વાતાવરણ થતા સામાન્ય ઠંડકમાં પણ વધારો થયો છે. અરવલ્લી જિલ્લામાં ગત રાતથી ઝરમર વરસાદ વરસી રહ્યો છે. કેટલાક વિસ્તારમાં કમોસમી હળવું માવઠું પડ્યુ છે. મોડાસા, શામળાજી, ભિલોડા, માલપુર વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ ખાબક્યો છે. વાતાવરણમાં ધુમ્મસ વધતા વિઝિબિલિટી ઘટી છે. ગત રાતથી જિલ્લા હળવો કમોસમી વરસાદ આવતા માવઠાથી જિલ્લાના બટાકા, ઘઉં, મકાઈ, ચણા, જીરું, વરિયાળીમાં નુકશાનની શક્યતા છે. પંચમહાલ જિલ્લાના વાતાવરણમાં વહેલી સવારથી ધૂમમ્સ વાળું વાતાવરણ છવાયુ છે. વિઝીબિલિટી ઓછી થતાં હાલાકીનો સામનો કરવો પડ્યો છે. જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ છવાયું છે.

## તંત્રી સ્થાનેથી...

## ચીનનું જૂઠ્ઠાણું



***એ સારું થયું કે ભારતીય સેનાએ ચીનના જૂઠ્ઠાણાની પોલ ખોલવા માટે ગલવાનમાં તૈનાત પોતાના જવાનોનો ફોટો માધ્યમોમાં જારી કરી દીધો. એવું કરવું એટલા માટે આવશ્યક હતું, કારણ કે ચીની મીડિયાએ એક વીડિયો જારી કરીને એ આભાસ કરાવવાની કોશિશ હતી કે નવા વર્ષના પ્રસંગે તેના જવાનો ગલવાન ઘાટીમાં ઉપસ્થિત છે. ભારતીય સેના તરફથી જારી કરાયેલા ફોટોથી એ સાબિત થયું કે ચીને કોઈ બીજા જ સ્થળનો વીડિયો બનાવીને દેશ-દુનિયાને ગુમરાહ કરવાની કોશિશ કરી હતી. વાસ્તવમાં તેના જૂઠ્ઠાણાનો પર્દાફાશ તો ખુદ તેના વીડિયોથી જ થઈ રહ્યો હતો, કારણ કે તેમાં મામૂલી જ બરફ દેખાઈ રહ્યો હતો. રહીસહી કસર ભારતીય સેના તરફથી જારી ફોટોએ પૂરી કરી દીધી. કહેવું મુશ્કેલ છે કે પોતાનું જૂઠ્ઠાણું બેનકાબ થઈ જવાથી ચીન ભોંઠું પડ્યું કે નહીં, પરંતુ કમ સે કમ ભારતના રાહુલ ગાંધી સહિતના વિપક્ષી નેતાઓ અને તેમની સાથે જ સ્વયંભૂ રક્ષાવિશેષજ્ઞોએ તો નીચી મુંડી કરી જ દેવી જોઇએ, જેમણે વગર વિચાર્યે ચીની પ્રોપેગેન્ડાનો હાથો બની જવાનું પસંદ કર્યું. એના પર આશ્ચર્ય નહીં કે આ બધામાં સૌથી આગળ હતા રાહુલ ગાંધી. તેઓ કેટલાય સમયથી આવું જ કરતા આવ્યા છે. તેમને સમાચારની ખરાઈનું કશું મહત્ત્વ નથી, તેમને બસ મોદી સરકારની બુરાઈ કરવી છે, ભલે તેમાં ભારતનું ખોટું દેખાય. એવું જ તેમણે આ કિસ્સામાં પણ કર્યું. કહેવા છે કે વિદેશ નીતિ મામલે પક્ષ-વિપક્ષે એકજુટતા રાખવી જોઇએ, પરંતુ રાહુલ ગાંધી મોદી સરકાર પર હુમલો કરવાનો કોઈ મોકો છોડતા નથી, ભલે તેના માટે તેમણે ચીન કે પાકિસ્તાનની ભાષા બોલવી પડે. આ તેમનું જૂનું વલણ છે. જોકે કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવીએ ચીની વીડિયોને દુષ્પ્રચાર ગણાવીને તેની ચાલમાં નહીં આવવાનો આગ્રહ તો કર્યો હતો, પરંતુ તેમ છતાં રાહુલ ગાંધી અને તેમના સાગરિતોએ જે કરવું હતું તે જ કર્યું! તેમને એ સમજાઈ જવું જોઇએ કે ચીનની સાથે જ તેમના દુષ્પ્રચારની પોલ પણ ખૂલી ગઈ છે. અહીં એની પણ અવગણના ન કરી શકાય કે ડોકલામમાં જ્યારે વિવાદ ચાલતો હતો ત્યારે રાહુલ ગાંધી વિદેશ મંત્રાલયને જણાવ્યા વિના જ ચીની રાજૂદતને મળવા ચાલ્યા ગયા હતા અને જ્યારે તથ્ય ઉઘાડું થયું તો કૉંગ્રેસે બહુ બેશરમીથી એવી કોઈ મુલાકાતનો જ ઇનકાર કરી દીધો હતો, પરંતુ બાદમાં મુલાકાતના ફોટા જાહેર થઈ જતાં તેમની ફજેતી થઈ હતી. એ પણ અહીં ઉલ્લેખનીય છે કે કૉંગ્રેસે આજ સુધી એ સવાલનો જવાબ નથી આપ્યો કે આખરે તેના નેતાઓએ ૨૦૦૮માં પોતાના બેજિંગ પ્રવાસ સમયે ચીનની સત્તાધારી કમ્યુનિસ્ટ પાર્ટી સાથે શી સમજૂતી કરી હતી અને કેમ? એ સમજૂતી સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની હાજરીમાં જ થઈ હતી તેથી એના પર સ્પષ્ટીકરણ જરૂરી છે.***

## સુરતમાં ઝેરી કેમિકલ ભરેલું ટેક્કર લીકેજ થતા ૬ લોકોના મોત નિપજયાં

સુરત,તા.૬

સુરતમાં મોટી દુર્ઘટના ઘટી છે. ઝેરી કેમિકલ ભરેલું ટેક્કર લીકેજ થતા ૬ લોકોનો ભોગ લેવાયો છે. સચિન જીઆઈડીસીમાં પાર્ક કરેલુ કેમિકલ ભરેલું ટેક્કર લીક થતા આ દુર્ઘટના ઘટી હતી. આ દુર્ઘટનામાં ૨૫ જેટલા લોકોને ઝેરી ગેસની અસર થતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં તાત્કાલિક લઈ જવાયા હતા. જેમાંથી ૪ લોકોની હાલત ગંભીર હોવાનું હોસ્પિટલના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

સુરત સચિન જીઆઈડીસીમાં રોડની બાજુમાં પાર્ક કરેલુ કેમિકલ ભરેલું ટેક્કરમાં ભરેલુ ઝેરી કેમિકલ લીકેજ થયું હતું. ઝેરી કેમિકલ લીકેજ થવાને લીધે મોટી દુર્ઘટના સર્જાઈ છે. હવામાં કેમિકલ ભળતા અનેક લોકો બેભાન થઈ ગયા છે. સચિન જીઆઈડીસીમાં રાજકમલ ચોકડી પ્લોટ નંબર ૩૬૨ બહાર પાર્ક કરેલા કેમિકલ ટેક્કરની ૮-૧૦ મીટર સુધીમાં મજૂરો સૂતા હોવાનું જાણવા મળ્યું છે. અચાનક ટેક્કરની ડ્રેનેજ પાઈપ લીક થતા ગેસ પ્રસરી ગયો. જેના કારણે ત્યાં સૂતેલા મજૂરો અને મિલના કારીગરો પર અસર થઈ. મળતી માહિતી મુજબ હવામાં કેમિકલ ભળતા ગૂંગળામણના કારણે લોકો બેભાન થવા લાગ્યા હતા.

## સમી ખાતે માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો




રાજય માં કોરાના સતત કેસોમાં વધારો થતાં એવા સમયની સાવધાની ને સાચવેતી રૂપે ને સલામતી માટે સમી શહેરમાં નાયબ કલેકટરશ્રી સમી મામલતદાર શ્રી પોલીસ અધિકારી આરોગ્ય વિભાગ ના અધિકારીઓની સમી સરપંચ તલાટી ઓ સાથે રાખીને સમી બજારમાં બસસ્ટેશન માં ગલ્લા ઓ શાકભાજી ની લારીઓ જાહેર સ્થળો રાહદારીઓ ને કોરાના ની સભંવિત ત્રીજી લહેરને ધ્યાનમાં રાખી ને માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું માસ્ક ફરજિયાત પહેરવા સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે દરેક લોકોને સુચનાઓ આપવામાં આવી હતી

રીપોટર. નિખિલ જોશી. પાટણ

## કોવીડ કાળમાં શિક્ષણક્ષેત્રે બ્રિજ કોર્સ શરુ કરનારું ગુજરાત પ્રથમ રાજ્ય : શ્રીમતી અનિતા કરવાલ

અમદાવાદના સાયન્સ સીટી ખાતે આયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટીટ્યૂશન્સ( ICAI) ને સંબોધતા ભારત સરકારના શિક્ષણ સચિવ શ્રીમતી અનિતા કરવાલે કહ્યું કે, કોવીડના સમયમાં દેશમાં અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થી સુધી પહોંચવું કઈ રીતે સૌથી મોટો પડકાર રહ્યો છે. શ્રીમતી કરવાલે કહ્યું કે, આ પડકારને પહોંચી વળવા ભારત સરકાર દ્વારા શ્રેણીબદ્ધ પગલાં ભરવામાં આવ્યા. તેમણે આ અંગેની રૂપરેખા આપતા કહ્યું કે, વિદ્યાર્થીઓને કેવી રીતે ભણાવવું , કેટલો સમય ભણાવવું અને તે અભ્યાસનો આઉટકમ શું છે તેનું મૂલ્યાંકન કરવા જેવા વિવિધ જટિલ મુદ્દાઓનો આપણે સામનો કર્યો અને ઉકેલ આણ્યા.

કોવીડકાળમાં ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ પ્રકલ્પોની વિગતો આપતા શ્રીમતી કરવાલે કહ્યુ કે, આંદામાન –નિકોબાર જેવા કેન્દ્રશાસિત પ્રદેશમાં જ્યાં ૧૦૦ થી પણ ઓછી શાળા છે, તેવા વિસ્તારોમાં સ્વંયસેવકો, શિક્ષકો અને વાલીઓની મદદથી બાળકો સુધી પાઠ્યપુસ્તકો ઘરે બેઠા પહોંચાડવામાં આવ્યા. તેમણે દિવ્યાંગ વિદ્યાર્થીઓ સુધી પહોંચવા માટે ભારત સરકારના પ્રયત્નો વિશે પણ જણાવ્યું હતું.

શિક્ષણ સચિવશ્રીએ કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢમાં ‘બડી સિસ્ટમ’ના અમલ અંગે વાત કરતાં કહ્યું કે, કોવીડના સમયમાં અભ્યાસથી વંચિત રહેવાના કારણે જે બાળકો શૈક્ષણિક રીતે નબળા રહ્યા, તેમણે વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓ દ્વારા સહાય કરવામાં આવી, આ પ્રયોગને સારી સફળતા મળી.

શ્રીમતી કરવાલે કહ્યું કે, વિદ્યાર્થીઓમાં શિક્ષણનું સાતત્ય જળવાય તે માટે બ્રિજ કોર્સ શરુ કરનારું ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય બન્યું હતું. શિક્ષણ સચિવશ્રીએ ગુજરાતમાં લાઉડ સ્પીકરની મદદથી શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓઓને ભણાવવાના પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ અવસરે તેમણે કોવીડ કાળમાં ઓનલાઈન શિક્ષણ સંદર્ભે થયેલી કામગીરીની વિગતો આપતા કહ્યું કે, આપણે આ સમયમાં ૬૫ ટકા પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓને ઓનલાઈન ઉપ્લબ્ધ બનાવ્યા. તેમણે કોવીડકાળમાં ૮.૫ મિલિયન શિક્ષકોને તાલીમબદ્ધ કરાયાની વિગતો પણ આપી. આ અવસરે નીતિ આયોગના સલાહકાર શ્રી પ્રેમસિંઘે કહ્યું કે, કોવીડ દરમિયાન ભારતના વિવિધ રાજ્યોમાં શિક્ષણ ક્ષેત્રે વિવિધ પ્રયોગો થયા અને તેના હકારાત્મક પરિણામો પણ મળ્યા છે. તેમણે કહ્યું કે, શિક્ષણ ક્ષેત્રમાં પરિવર્તન માટે નીતિ આયોગનું મન ખુલ્લું છે અને શિક્ષણવિદો તેમના સૂચનો આપી શકે છે.

કોવીડની ભારત પર શિક્ષણ ક્ષેત્ર પરની અસર અંગે વાત કરતાં વર્લ્ડ બેંકના ગ્લોબલ ડાયરેક્ટર(એજ્યુકેશન) જેમી સાવેડ્રા(Mr. Jaime Saavedra, Global Director, Education, The World Bank) એ કહ્યું કે, ભારતમાં લર્નિંગ પોવર્ટીનું પ્રમાણ કોવીડ પૂર્વે ૫૩ ટકા હતું, જે વધીને ૬૩ થી ૭૦ ટકાની આસપાસ પહોંચ્યું છે. તેમણે ઉમેર્યું કે, કોવીડની રોજગાર પરની અસર વર્ણવતા કહ્યુ કે, બાળકોની ભવિષ્યમાં સરેરાશ કમાણી કરવાની શક્તિમાં ૯ ટકાનો ઘટાડો થયો છે.શ્રી જેમીએ કહ્યું કે, કોવીડની અસર સમૃદ્ધ વર્ગ કરતા ગરીબ વર્ગ પર વધુ પડી છે. શ્રી જેમી સાવેડ્રાએ કોવીડની અસર અંગે જાતિય દ્રષ્ટીકોણ સંદર્ભે વાત કરતાં કહ્યું કે, બાળકો કરતાં બાળકીઓમાં લર્નિંગ લોસનું પ્રમાણ ૨૦ ટકા વધુ રહ્યું છે.

તેમણે કોવીડમાંથી રિકવરી અંગેની વ્યૂહરચના વિશે વાત કરતા કહ્યું કે, હવે સરકારોએ શિક્ષણ માટે નાણાકીય વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવી પડશે. તેમણે ઉમેર્યું કે, હવે શિક્ષકો અને વાલીઓએ બાળકોને શિખવા માટે પ્રેરિત કરવા પડશે. આ સંદર્ભે વાલીઓની ભૂમિકા વધુ મહત્વની બની રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, આપણે માનવીય પાસાઓ અને ટેકનોલોજી વચ્ચે સંતુલન જાળવવું પડશે અને સર્વ સમાવેશી શિક્ષણ પર ધ્યાન આપવું પડશે. આ સંદર્ભે સમુદાયને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો.

OCED ના એજ્યુકેશન ડિરેક્ટર શ્રી એન્ડ્રીસ શેલ્ચર ( Mr. Andres ) કહ્યું કે, કોવીડ પેન્ડેમિકના કારણે જ નહીં, પરંતુ આધુનિક ટેકનોલોજીના કારણે પણ શિક્ષણ પર વ્યાપક અસર થઈ રહી છે અને તેને અનુરુપ રસ્તાઓ આપણે અપનાવવા પડશે.

તેમણે જણાવ્યું હતું કે, કોવીડના સમયમાં આપણને એ પણ સમજાયું કે શાળાઓ બાળકો માટે માત્ર શૈક્ષણિક કેન્દ્ર નથી, પણ સામુદાયિક શિક્ષણનું પણ કેન્દ્ર છે. તેમણે શિક્ષકોની ભૂમિકાનું મહત્વ રેખાંકિત કરતાં કહ્યું કે, શિક્ષકો બાળકોના વાલી તરીકે ઘડતરમાં પણ ભૂમિકા પણ ભજવે છે.

સેશનની પૂર્ણાહુતિ પ્રસંગે શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવે મહાનુભાવોનો આભાર માન્યો હતો. તેમણે નીતિ આયોગના શ્રી પ્રેમસિંઘ અને OCED ના એજ્યુકેશન ડિરેક્ટર શ્રી એન્ડ્રીસ સાથેના તેમના સંસ્મરણો વાગોળ્યા હતા.

# શિવાલયનું તત્વરહસ્ય

પ્રત્યેક શિવાલયમાં નંદી..કાચબો..ગણેશ..હનુમાન..જલધારા..નાગ..જેવા રહસ્યમય પ્રતીક જોવા મળે છે.દેવી દેવતાઓની આકૃતિઓમાં તેમના આસન..વાહન..પ્રતિક..માં સુક્ષ્મભાવ તથા ગૂઢ જ્ઞાનગમ્ય સાંકેતિક સૂત્ર સમાયેલ હોય છે.શિવાલયની ચર્ચા કરવામાં આવે તો પ્રત્યેક શિવ મંદિરમાં નંદીનાં પ્રથમ દર્શન થાય છે. નંદીએ મહાદેવનું વાહન છે,તે સામાન્ય બળદ નથી.નંદીએ બ્રહ્મચર્યનું પ્રતિક છે.જેમ શિવનું વાહન નંદી છે તેમ અમારા આત્માનું વાહન શરીર(કાયા) છે,એટલે શિવને આત્માનું અને નંદીને શરીરનું પ્રતિક સમજી શકાય.જેમ નંદીની દ્રષ્ટિ સદા શિવની તરફ જ હોય છે તેવી જ રીતે અમારૂં શરીર આત્માભિમુખ બને.. શરીરનું લક્ષ્ય આત્મા બને એવો સંકેત સમજવો જોઇએ..

શિવનો અર્થ છેઃ કલ્યાણ..તમામનું કલ્યાણ થાય એવો ભાવ આત્મસાત કરવો..તમામનું મંગલ થાય તેવી કામના કરે તો જીવ શિવમય બની જાય.પોતાના આત્મામાં એવા શિવત્વને પ્રગટ કરવાની સાધનાને શિવપૂજા કે શિવદર્શન કહેવાય છે અને તેના માટે સર્વ પ્રથમ આત્માના વાહન શરીરને ઉપયુક્ત બનાવવું પડશે.શરીર નંદીની જેમ આત્માભિમુખ બને..શિવભાવથી ઓતપ્રોત બને તેના માટે તપ અને બ્રહ્મચર્યની સાધના કરીએ..સ્થિર તથા દ્રઢ રહીએ..એ જ મહત્વપૂર્ણ શીખ આપણને નંદીના માધ્યમથી આપવામાં આવી છે.

નંદિ પછી શિવ તરફ આગળ વધતાં કાચબો આવે છે.જેમ નંદીએ અમારા સ્થૂળ શરીરનો પ્રેરક માર્ગદર્શક છે તેમ કાચબો એ અમારા સુક્ષ્મ શરીરનું એટલે કેઃમનનું માર્ગદર્શન કરે છે.અમારૂં મન કાચબા જેવું કવચધારી.. સુદ્રઢ બનવું જોઇએ.જેમ કાચબો શિવની તરફ ગતિશીલ છે તેવી જ રીતે અમારૂં મન પણ શિવમય બને.. કલ્યાણનું ચિન્તન કરે..આત્માના શ્રેય હેતું પ્રયત્નશીલ રહે તથા સંયમી અને સ્થિતપ્રજ્ઞ રહે,એટલે કેઃ મનની ગતિ..વિચારોનો પ્રવાહ..ઇન્દ્રિયોનાં કામો શિવભાવયુક્ત આત્માના કલ્યાણ માટે જ થાય- આ વાત સમજાવવા માટે કાચબાને શિવની તરફ ગતિ કરતો બતાવ્યો છે.કાચબો ક્યારેય નંદીની તરફ જતો નથી, પરંતુ શિવ તરફ જ જાય છે.અમારૂં મન પણ દેહાભિમુખ નહી,પરંતુ આત્માભિમુખ બનેલું રહે..ભૌતિક નહી પરંતુ આધ્યાત્મિક જ બનેલું રહે..શિવત્વનું જ ચિન્તન કરે તે જોવું જોઇએ..

નંદી અને કાચબો બંન્ને જ્યારે શિવની તરફ આગળ વધી રહ્યા છે ત્યારે બંન્નેમાં શિવરૂપ આત્માને પામવાની યોગ્યતા છે કે નહી..? તેની કસોટી કરવા માટે શિવ મંદિરમાં મુખ્ય દ્વારા ઉપર બે દ્વારપાળ ઉભા છે.

ગણેશ અને હનુમાન..ગણેશ અને હનુમાનના દિવ્ય આદર્શ જો આપણા જીવનમાં આવી જાય તો શિવનો એટલે કેઃકલ્યાણમય આત્માનો સાક્ષાત્કાર થઇ શકે છે.

ગણેશનો આદર્શ છેઃબુધ્ધિ અને સમૃધ્ધિનો સદઉપયોગ કરવો..એ જ એમનો સિધ્ધાંત છે તેના માટેના આવશ્યક ગુણ ગણેશના હાથોમાં સ્થિત પ્રતિકો દ્વારા બતાવવામાં આવ્યા છે.જેમકેઃ

અંકુશ- સંયમ..આત્મ નિયંત્રણનું..

કમળઃ-એ પવિત્રતા,નિર્લેપતાનું..

પુસ્તકઃ- એ ઉચ્ચ ઉદાર વિચારધારાનું તથા

મોદક(લાડું) - એ મધુર સ્વભાવનું પ્રતિક છે.શિવ મૂષક જેવા તુચ્છને પણ અપનાવે છે.આવા ગુણ આવવાથી જ આત્મદર્શન-શિવદર્શનની પાત્રતા પ્રમાણિત થાય છે.

હનુમાનજીનો આદર્શ છેઃ વિશ્વના હિત માટે તત્પરતાયુક્ત સેવા અને સંયમ. બ્રહ્મચર્યમય જીવન જ તેમનો મૂળ સિધ્ધાંત છે અને આ કારણે જ હનુમાનજી હંમેશાં શ્રી રામજીના કાર્યોમાં સહયોગી રહ્યા છે..અર્જુનના રથ ઉપર વિરાજીત રહ્યા છે અને આવી તત્પરતા દાખવવાથી જ વિશ્વ કલ્યાણમય શિવત્વ કે આત્મદર્શનની પ્રત્રતા પ્રાપ્ત થાય છે.ગણેશ હનુમાનજીની પરીક્ષામાં પાસ થયા પછી સાધકને શિવરૂપ આત્માની પ્રાપ્તિ થાય છે,પરંતુ આટલો મહાન વિજય જેને પ્રાપ્ત થાય છે તેનામાં અહંકાર આવવાની સંભાવના રહે છે કેઃ હું મોટો છું..શ્રેષ્ઠ છું. આવો અહંકાર ડગલેને પગલે આત્મા-પરમાત્માના મિલનમાં બાધક બની જાય છે..આ વાતની યાદ અપાવવા માટે શિવાલયના મંદિરનું પ્રવેશદ્વારનું પગથિયું ઉંચુ રાખવામાં આવે છે અને પ્રવેશદ્વાર પણ નાનું રાખવામાં આવે છે,એટલે પ્રવેશદ્વારને પસાર કરીને નિજ મંદિરમાંના ઉંચા સોપાન પર પગ મુકવાના સમયે તથા અંતિમ શિવદ્વારમાં પ્રવેશ કરતી વખતે અત્યંત વિનમ્રતા અને સાવધાની રાખવી પડતી હોય છે.મસ્તક પણ નમાવવું પડે છે.સાધકનો અહંકારરૂપી અંધકાર જ્યારે દૂર થાય છે ત્યારે અંદર બહાર સર્વત્ર શિવત્વ(પરમાત્મા)ના દર્શન થવા લાગે છે..તમામ મંગલમય લાગવા માંડે છે પછી થયેલ આત્મજ્ઞાનના જેવું પવિત્ર અને પ્રકાશમય બીજું શું હોઇ શકે..? શિવાલયની અંદર જ્યારે પ્રવેશ કરવામાં આવે છે ત્યારે કર્મમય સ્થૂળ જગત તથા વિચારમય સૂક્ષ્મ જગત બહાર જ છુટી જાય છે,ત્યાર પછી પોતાનામાં કારણ જગતની..આત્મ સ્વરૂપની પ્રતિતિ થાય છે..તે અવર્ણનીય છે..શિવત્વભાવમાં ઓતપ્રોત કરી દેનારી હોય છે.

શિવાલયના નિજ મંદિરમાં જે શિવલિંગ હોય છે તેને આત્મલિંગ કે બ્રહ્મલિંગ કહે છે.અહી વિશ્વકલ્યાણ નિમગ્ન બ્રહ્માકાર..વિશ્વાકાર પરમ આત્મા જ સ્થિત હોય છે.હિમાલય જેવું શાંત..મહાન..સ્મશાન જેવું સુમસામ શિવરૂપ આત્મા જ ભયંકર શત્રુઓની વચ્ચે રહી શકે છે અને તે જ કાલાતીત મહાકાલ કહેવાય છે અને તે જ સંતોષી..તપસ્વી..અપરિગ્રહી જીવન સાધનાનાં પ્રતિક છે.ભસ્મ ચિત્તાભસ્મલેપ,આત્માનંદ-નિજાનંદની આનંદાનુભૂતિનું પ્રતિક છે.કાળો નાગ-કાલાતિત ચિર સમાધિભાવનું પ્રતિક છે.

ત્રિદલ..બિલિપત્ર..ત્રણ નેત્ર..ત્રિપુંડ..ત્રિશૂલ..વગેરે સત્વગુણ,રજોગુણ અને તમોગુણ - આ ત્રણને સમ કરવાનો સંકેત આપે છે.ત્રિકાય..ત્રિલોક..ત્રિગુણથી પર થવાનો નિર્દેશ કરે છે.આંતરિક ભાવાવેશોને શાંત કરવા માટે સાધક ભ્રુકુટીમાં ધ્યાન કેન્દ્રિત કરે છે.આ સ્થાનમાં ત્રિકુટી..સહસ્ત્રચક્ર.. સહસ્ત્રદળ કમળ.. અમૃતકુંભ..બ્રહ્મ કલશ..આજ્ઞા ચક્ર..શિવ પાર્વતી યોગ - જેવા વર્ણનો દ્વારા સિધ્ધ સામર્થ્યની પ્રાપ્તિની ક્ષમતા હોવાની ચર્ચા યોગશાસ્ત્રોમાં કહેવામાં આવી છે.વિવેક બુધ્ધિરૂપી ત્રીજું નેત્ર ભવિષ્ય દર્શન..અતિન્દ્રિય શક્તિ તથા કામદહન જેવી ક્ષમતાઓનું કેન્દ્ર માનવામાં આવે છે.શિવનું રૂદ્રરૂપ એ અંદરના આવેશો-આવેગો જ છે,તેને શમ કરવું એ જ ભગવાન શંકરનું કામ છે.ત્રિદેવ એટલે બ્રહ્મા-વિષ્ણું-મહેશને પણ આ તમામ ત્રિપરીણામ ત્રયીયુક્ત પ્રતિકોથી બતાવ્યા છેઃઅ-ઉ-મ આ ત્રણ અક્ષરોથી સમન્વિત એકાક્ષર ૐ માં પણ આ ભાવ સમાયોજિત છે.

વિશ્વના હિતના માટે હળાહળ ઝેરને પી લેવું તથા વિશ્વના તમામ કોલાહલથી પર રહીને મૃદંગ..શંખ.. ઘંટ..ડમરૂંના નિનાદમાં મગ્ન રહેવું એટલે કેઃ આત્મસ્થ રહેવું..બ્રહ્મમાં રત રહેવું.. એ જ વિશ્વ સંદેશ તેમના નાના પ્રતિકોના માધ્યમથી બતાવવામાં આવ્યા છે.શિવ પર અવિરત ટપકનારી જલધારા જટામાં સ્થિત ગંગાનું પ્રતિક છે..તે જ્ઞાન ગંગા છે.સ્વર્ગની ઋતુમ્ભરા પ્રજ્ઞા.. દિવ્ય બુધ્ધી..ગાયત્રી અથવા ત્રિકાળ સંન્ધ્યા.. જેની બ્રહ્મા-વિષ્ણું-મહેશ ઉપાસના કરે છે.

શિવલિંગ જો શિવમય આત્મા છે તો તેમની છાયાની જેમ અવસ્થિત માતા પાર્વતિ એ આત્માની શક્તિ છે.આમાં સંકેત એ છે કેઃએવા કલ્યાણમય..શિવમય આત્માની આત્મશક્તિ પણ છાયાની જેમ શિવનું અનુસરણ કરે છે.પ્રેરણા-સહયોગિની છે.

શિવાલયની જલધારા ઉત્તર દિશા તરફ વહે છે.ઉત્તરમાં સ્થિત ધ્રુવનો તારો ઉચ્ચ સ્થિર લક્ષ્યનું પ્રતિક છે.શિવમય કલ્યાણકામી આત્માનો જ્ઞાનપ્રવાહ..ચિન્તન પ્રવાહ હંમેશાં ઉચ્ચ સ્થિર લક્ષ્યની તરફ જ ગતિ કરે છે,તેનું લક્ષ્ય ધ્રુવની જેમ અવિચલ રહે છે.કેટલાક પુરાતન શિવ મંદિરોમાં ઉત્તર દિશામાંની દિવાલમાં ગંગાજીની પ્રતિમા જોવા મળે છે..તેને સ્વર્ગીય દિવ્ય બુધ્ધિ..ઋતુમ્ભરા પ્રજ્ઞા કે ગાયત્રી જ સમજવાં જોઇએ.જે બ્રહ્માંડમાંની અવિરત ચેતના છે.શિવ ઉપર અવિરત ટપકતી જલધારાની જેમ સાધક પર પણ બ્રહ્માંડીય ચેતનાની અમૃતધારા..પ્રભુકૃપા અવિરત વરસતી રહે છે એવો વિશ્વાસ કરવો જોઇએ.

આમ,શિવાલય સ્થિત આ પ્રતિકો..ચિન્હોના તત્વ રહસ્યનું ચિન્તન કરીને ભાવનાથી ઓતપ્રોત બનેલ વ્યક્તિને શિવમય બનાવી શકાય તો તેમાં અમારાં દર્શન પૂજન ઉપાસના..વગેરેની યથાર્થ સાર્થકતા CHhe.

SUMITRABEN.D.PARMAR

## અનેક અનાથ બાળકોની માતા સિંધુતાઈ સપકાલે આ જગતમાંથી વિદાય લીધી . સિંધુતાઈ કોણ હતા ? વાંચો હિમતવાન નારીની આ અદભૂત કથા.

મહારાષ્ટ્રના વર્ધા જીલ્લામાં પીપરી નામનું એક ગામ છે. આ ગામમાં એક સામાન્ય પરિવારમાં એક દિકરીનો જન્મ થયો. છોકરીને ભણવાની ખુબ ઈચ્છા પરંતું પરિવારની નબળી આર્થિક પરીસ્થિતીને કારણે માત્ર ૪ ધોરણ સુધીનો અભ્યાસ જ કર્યો. હજુ તો ૧૦ વર્ષની ઉંમર થઇ ત્યાં તેના લગ્ન કરી દેવામાં આવ્યા અને તે પણ ઉંમરમાં તેના કરતા ૨૦ વર્ષ મોટા પુરુષ સાથે.

૧૦ વર્ષની આ છોકરીએ પોતાનું નસીબ સમજીને ૩૦ વર્ષના પતિને સ્વિકારી લીધો અને પિયરમાંથી સાસરીયે પ્રસ્થાન કર્યુ. આ છોકરી ૨૦ વર્ષની થઇ અને એના જીવનમાં સુખનો સુરજ ઉગ્યો. ભગવાને એની કુખમાં સંતાનનું સુખ રોપ્યુ. જેમ જેમ મહીના ચઢવા લાગ્યા તેમ તેમ આ યુવતીના ચહેરા પરનું તેજ વધવા લાગ્યુ. ૯મો મહીનો પુરો થવા આવ્યો હવે બાળકના જન્મની ઘડીઓ ગણાતી હતી. આવા દિવસોમાં કોઇપણ સ્ત્રીને સૌથી વધુ સહકાર એના પતિ તરફથી મળતો હોય એ સ્વાભાવિક છે. પતિના પ્રેમને કારણે બધી તકલીફોને એ સહજતાથી સહી લેતી હોય છે પરંતું આ યુવતિનું નસિબ કંઇક જુદી રીતે જ લખાયુ હશે એટલે જે સમયે પતિ એમની સાથે હોવો જોઇએ એવા સમયે પતિએ તેણીને ઘરની બહાર કાઢી મુકી. કોઇ જાતના વાંક વગર આ ગર્ભવતી મહિલાને ઉપાડીને ઘરની બહાર ફેંકી દેવામાં આવી. ચાલી શકવાની કોઇ ક્ષમતા નહોતી એટલે ઘરના ફળીયામાં જ ઢોરને બાંધવાની જગ્યા સુધી એ માંડ પહોંચી શકી અને ત્યાં એક બાળકીને એણે જન્મ આપ્યો.

ડોકટર અને નર્સની સેવા તો એકબાજુ રહી અહીયા તો મદદ માટે આજુ બાજુમાં કોઇ જ નહોતું. તાજી જન્મેલી બાળકીની નાળ કાપવા માટે કોઇ સાધન ન હોવાના કારણે બાજુમાં પડેલા ધારદાર પથ્થરનો ઉપયોગ કરીને તેનાથી નાળ કાપી. બાળકના જન્મ પછી માતાને ખુબ નબળાઇ રહે તે સ્વાભાવિક છે આવી પરિથિતીમાં પણ બાળકીને પોતાની સાથે લઇને આ યુવતી અમુક કીલોમીટર ચાલીને એના પિતાના ઘરે પહોંચી. બાપના ઘર સુધી પહોંચતા એને કેવી પીડા થઇ હશે તેની કલ્પના માત્ર પણ આપણને ધ્રુજાવી દે છે તો જેણે આ પીડા અનુભવી હોય એની સ્થિતી કેવી હશે. પિતાના ઘરે પણ દિકરીને આવી ગંભીર હાલત હોવા છતા કોઇ અગમ્ય કારણસર સહારો ના મળ્યો. બાપના ઘરનો દરવાજો પણ બંધ થઇ જતા આ યુવતી સાવ પડીભાંગી અને એને આત્મહત્યા કરવાનો વિચાર આવ્યો. વિચાર એના પર કબજો જમાવે એ પહેલા થોડી જ ક્ષણોમાં એણે આ નબળા વિચારને મનમાંથી હાંકી કાઢ્યો.

પોતાની અને દિકરીની ભૂખ ભાંગવા માટે એણે રેલ્વે સ્ટેશન પર ભીખ માંગવાની શરુઆત કરી. ભીખમાંગવાની આ પ્રવૃતી ચાલુ કર્યા પછી એના ધ્યાન પર આવ્યુ કે બીજા કેટલાય અનાથ બાળકો માતા-પિતાનું છત્ર ગુમાવવાના કારણે ભીખ માંગવાનું કામ કરે છે અને નરકથી પણ બદતર જીવન જીવે છે. એકલતા અને સમાજમાંથી તિરસ્કૃત થવાની પીડા આ યુવતીએ ખુદ અનુભવી હતી એટલે એણે આવા અનાથ બાળકો માટે અનુકંપા જાગી. આ મા વગરના બાળકની મા બનીને એમના માટે કંઇક કામ કરવાની પ્રેરણા થઇ. એણે આવા અનાથ બાળકોને દતક લેવાનું ચાલુ કર્યુ. પરિવારથી તિરસ્કૃત થયેલી આ યુવતીએ ભીખ માંગીને બચાવેલી રકમમાંથી આ બાળકોના અભ્યાસ માટેની વ્યવસ્થા કરી. જે બાળકો ભીખ માંગતા હતા તે હવે ભણવા લાગ્યા. ધીમે ધીમે બાળકોની સંખ્યા વધતી ગઇ અને આ યુવતીનો પરિવાર મોટો થતો ગયો.

સિંધુતાઈ સપકાલે કોઇ પાસેથી કોઇ પ્રકારની મદદ લીધા વગર એકાદ બે નહી પરંતું ૧૪૦૦થી વધુ બાળકોને મા બનીને સાચવ્યા છે. એમના કેટલાય દિકરા-દિકરીઓ આજે ડોકટર, એન્જીનિયર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે સરકારી અમલદારો બની ગયા છે. ભીખ માંગવાનું બંધ કરીને ભણવાની શરુઆત કરનાર આ બાળકો સમાજમાં આજે સન્માનનિય સ્થાને પહોંચ્યા છે. સિન્ધુતાઇ માત્ર બાળકોને દતક લેવાનું જ કામ નથી કરતા પરંતું તેના અભ્યાસની બધી જ વ્યવસ્થા કરે છે. ઉંમર લાયક થાય ત્યારે દિકરા-દિકરીને પરણાવે છે. સુન્ધુતાઇને ૨૦૦થી વધુ જમાઇ છે અને ૪૦થી વધુ પુત્રવધુઓ છે. એમની પોતાની દિકરીને બીજા બાળકો કરતા વધુ પ્રેમ કરીને ભૂલથી પણ બીજા બાળકોને અન્યાય ન થઇ જાય એ માટે સિન્ધુતાઇએ એની દિકરીને પોતાનાથી દુર કરી જે દિકરી પણ આજે માના રસ્તે ચાલીને અનાથ બાળકો માટેની સંસ્થા ચલાવતા હતા.




આ જગદંબાએ અનેક અનાથ બાળકોના અંધારિયા જીવનમાં અજવાળા પાથરીને પ્રભુના ઘરે જવા વિદાય લીધી છે. તાઈ આપણા સંઘર્ષ, સમર્પણ અને સેવાને કોટી કોટી વંદન.

શૈલેષભાઇ સગપરીયાની વોલ , પરથી




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ



NOG સાહિત્ય સરિતા ગ્રુપ
વિષય :
સાહીત્ય નું સરવૈયું
૨૦૨૧







**NOG SS 2022 No.106**

પ્રકારઃ ગદ્ય

શીર્ષકઃ ૨૦૨૧'સાહિત્યનું સરવૈયું'

૨૦૨૦/૨૧ના વર્ષે એવું તો અંધારાંના કૂવામા ઘમરોળ્યા કે.. કે.."હવે શું થાશે"?

તે જ સમજાતું નહોતું! વિચાર કરવાની શક્તિઓ તો ખતમ જ થઈ ગયેલી.જ્યારે 'કોરોના'નું નામ પડે એટલે હાંજાં ઘઘડી જાય!

વ્યક્તિને જો હોસ્પિટલાઈઝ કરીએ,તો એ પાછી આવશે કે નહિ? એ તો ભગવાનની ઇચ્છા ઉપર જ છોડવું પડે.

મારું પિયરનું ઘર મોટું.મારા સાસરાનું ઘર પણ મોટું છે. મિત્ર વર્તુળ તો અસંખ્ય. અને ગામ-ગામમાં સગાંવહાલાં તો ખરાં જ.. એવા સંજોગોમાં કોરોનાએ કેર વર્તાવ્યો.!

અમારા નજીકના સગાંવહાલાંમાં. બત્રીસવર્ષના જુવાનથી લઈને એકસોચારવર્ષના (મારાં દિલથી અતિ પ્રિય કાકીજી)ને ઘૂમાવ્યા!! પાડોશીને ઘૂમાવ્યા! મિત્રોને ઘૂમાવ્યા.

વ્યક્તિને ઘૂમાવીને એમના અંતિમ સંસ્કાર-અંતિમ સન્માન પણ નહિ!! બસ ખાલી હોસ્પિટલમાંથી ફોન આવે કે "પેશન્ટ" નથી રહ્યા હવે!!??.

આ સંજોગોમાં સાહિત્ય તો બાજુએ જ રહી જાતું હતું. છત્તા મનને દુઃખ-દર્દના અણગમતા વિચારોથી દૂર કરવા માટે સાહિત્યજગતે,ફેસબુક તથા ફેસબુક પરના જુદાંજુદાં માધ્યમોએ ખૂબ સારું કામ કર્યું. ઇલેક્ટ્રોનિક્સના સાધનોએ એમાં સાથ પૂરાવ્યો.જેને લઈને નવા નવા કવિઓ,વાર્તાકારો, કલાકારોનો જન્મ થયો. આ સાહિત્યિક પ્રવૃતિઓને કારણે આપણી સૌની ભાષા સુધરવા માંડી,શુદ્ધ થવા માંડી અને 'સાહિત્યિક ભાષાનું મહત્વ' આપણને સમજાવા માંડ્યું.

હું જે રીતે લખવા માંડી,એ વિષે તો અલગ વાર્તા લખી શકાય. ૨૦૨૧ના કોરોનાએ મને લખતા શીખવ્યું.

મને "હરિફાઈ/ચંદ્રક ".. વગેરેનો શોખ નથી.હું 'નિજાનંદ'માટે જ લખતી રહું છું. પણ જ્યારે પણ ફેસબુક પર મારું લખાણ કે કવિતા લખું તો..લોકોને બહુજ ગમે છે એતો એમના તરફથી આવેલા 'લાઇક્સ' પરથી જ મને ખુશી મળે છે.અને હું સફળ છું જ. (એવું મને લાગે છે).

એક વાત ચોક્કસ કહીશ કે,મારા લખવાની પ્રવૃત્તિઓએ મને ચિંતાથી દૂર કરી!

હું હંમેશાં કોઈ પણ વિપરિત સંજોગોમાં પણ ખુશ રહું છું. લોકોની માનસિક હાલત જોઉં ત્યારે મનમાં થાય છે ખરું,કે

પત્થરનો ઘડીને બેસાડ્યો એવો પ્રભુ બનાવ્યો શામાટે???

જે (ભગવાન)બહુજ હોશિયાર છે. ભોલેનાથ છે! એ કબૂલ.પણ એ ભગવાન આપણી"પરીક્ષા" આકરી પરીક્ષા કરે છે જ. અને પછી આપણને સફળ બનાવે છે.

૨૦૨૧ના વર્ષે સાબિત કરી દીધું કે ભાઈ "made in China" બહુજ સસ્તું હોય!એની જિંદગી કેટલી હોય તે આપણે જાણીએ છીએ. પરંતુ આ.. મેઇડ-ઈન-ચાઈના -"કોરોના"- નામક રોગતો ક્યારે ખતમ થાશે ખબર નથી!ત્યાં સુધી આપણે ઘરમાં બેસી લખ્યા કરો,વાંચ્યા કરો અને ખુશ રહી ખુશી વહાવ્યા કરો.

આ લખું છું ત્યારે એક વોટ્સેપ મેસેજ વાંચ્યો સરસ છે. તમારા સૌ માટે મૂકું છું

આ ફરી નવું આવ્યું હો!!!
શિયાળે...મેલેરીયા ભલો.ને ઉનાળેટાઢીયો તાવ..ચોમાહે..ડેન્ગ્યુ. ભલો
પણ...મારો...કોરોના બારેમાસ.
શિયાળે....શાલ ભલી
ને...ઉનાળે...સ્કાર્ફ
ચોમાસે..?..છત્રી ભલી ને
માસ્ક....બારેમાસ!!!!

MUKTIDA OZA.Bombay

**NOG SS NO ::-0038**

વિષય :-૨૦૨૧....સાહિત્યનું સરવૈયું

વિભાગ :-ગદ્ય

આમતો કોઈ પણ વિષય ઉપર લખવું મને બહુ ગમે.

હું કોઈ મોટી સાહિત્યકાર નથી પણ મનમાં આવતા વિચારોને શબ્દમાં ઢાળી શકું છું.

રોજ એકલી પડું ને એટલે કઈ ને કઈ લખતી હોઉં.

ગયા વર્ષમાં જો લખવા વિષે વાત કરું તો મારા જીવનમાં

બનેલી બે ઘટનાએ મને લખવાથી થોડો સમય દૂર રાખી હતી. ઘણીવાર કુદરતની મરજી સર્વોપરી હોય છે.

મને ગયા વર્ષે કોરોના થયો બધા કહેવા લાગ્યા ,તને

તો સરસ સમય પસાર થઈ જશે તું સારું સારું લખજે ચૌદ દિવસ આમ જતા રહશે....પણ મનમાં રહેલો ડર અને

પરિવારની ચિંતામાં હું કંઈજ લખી શકી નઈ.

બીજી ઘટના જેણે મારા કાળજાને કંપાવી દીધું.

મા સાથે બે વાગે મેં સરસ વાત કરીને ચાર વાગે મા મને

છોડીને સ્વર્ગે સિધાવી.મા સાથે મારે એક વધારાનો નાતો

હતો અને એ હતો પાક્કી સહેલીનો...ખૂબ આઘાત લાગ્યો

લખવાનું મન બિલકુલ ન થાય.જાણે બધું જ ખતમ થઈ ગયું.

ર્દૃર મા હું લખવામાં લગભગ રજા નથી પાડતી.

પણ મા ચાલી ગઈ તો હું લખી નહોતી શકતી. મા મારુ લખાણ વાંચી મારા પ્રેમભર્યા ખોટા વખાણ ઘણીવાર કરતી .હું જાણતી કે મા મારો ઉત્સાહ વધારે છે.

છેવટે વિચાર્યું મા એકવર્ષ પહેલાજ" કેસીઓ" વગાડતા શીખી હતી અને કહેતી માણસે છેક સુધી કંઈને કંઈ શીખવું જોઈએ ને પ્રવૃતિશીલ રહેવું જોઈએ, મા ના વિચારો યાદ કરી હું ફરીથી સાહિત્ય તરફ વળી શકી. ????

શીલાપટેલ "આકાંક્ષા"

**N.O.G.S.S.No. 0102.**

વિષય.:-૨૦૨૧માંસાહિત્યસ સર્જન.

શીર્ષકઃ- ૨૦૨૧ માં મારું સાહીત્ય સર્જન..

પ્રકાર.:- ગદ્ય.

૨૦૨૧થી મારો સંપર્ક ન્યુશ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા ગ્રુપ સાથે થયો. આ ગ્રુપ સાથે મારું જોડાણ થવાથી મારામાં રહેલો સાહિત્યનો જીવ બહાર આવ્યો . જેમ જેમ ગ્રુપ તરફથી વિષયો મળતા ગયા તેમ મારી કલમ ચાલતી રહી ,અને દર અઠવાડિયે જે તે વિષય આપવામાં આવતા તેના વિશે હું બને તેટલું સારું લખવાની કોશિશ કરતો.

સમય અનુસાર છપાતા મારા લેખો ની પ્રશંસા પણ થવા લાગી . એને કારણે મારો ઉત્સાહમાં પણ વધારો થયો .સાથે સાથે ગ્રુપના અન્ય લેખકો અને મિત્રો, શુભેચ્છકોની પણ પ્રસંશા મળવા લાગી અને તેને કારણે મને સારું લખવાની પ્રેરણા મળી.

ગ્રુપના એડમીન સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલ, મીનાક્ષી બેન ,જયશ્રીબેન દીદી ,માયાબેન, વિભૂતિ બેન ,જયંતભાઈ ઘેલાણી, અલકાબેન કાનાણી જેવા અનેક લોકોના તેમજ એડમીન ગ્રુપના તમામ સભ્યો અને સાથે સાથે તેની સાથે જોડાયેલો ટેકનિકલ સ્ટાફ નો મને પૂરતો સપોર્ટ મળતો રહ્યો છે .તેને કારણે મારા લેખનને વધુને વધુ વેગ મળ્યો .આ સૌ લોકોનો હું આજે આભાર વ્યક્ત કરું છું ,કે જેવો ને કારણે મને મારી જાત માં રહેલો સાહિત્ય જીવને આપ સમક્ષ પ્રગટ કરવાનો મોકો મળ્યો. લખવાની આ પ્રવૃત્તિની આદતને કારણે મેં કેટલીક વાર્તાઓ અને લેખો પણ લખવાનો પ્રારંભ કર્યો અને તેને પણ મોકલી .અમેરિકા અને દુનિયાના બીજા દેશોમાં આ કૃતિઓ રજૂ થઇ. ત્યાંથી પણ તે લોકોને પ્રશંસા મને મળવા લાગી .તેને કારણે મારો લેખનનો ઉત્સાહ વધતો ગયો.

આ તકે મારા મિત્ર અમેરિકામાં રહેતા શ્રી જીતુભાઈ પાઢ ની પણ પ્રેરણા મળતી રહી .તેઓનો અને આપ સૌનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. દુનિયામાં રોજ હજારો અખબારો છપાય છે. તેમાં પણ હીજ'ક ગાંધીનગર, જન ફરિયાદ ,સાહિત્ય સરિતા ,વગેરેનો ગુજરાત, ભારત દેશ ,અને દુનિયામાં દેશો તેનું ખુબ સારું વાંચન થાય છે . આ અખબારને હું મારી હ્દયની સફળતાની કામના કરું છું. ધન્યવાદ પ્રદીપભાઈ.

રતીલાલ વાયડા. નવી મુંબઈ.

## વેદના....સંવેદનાની...



અમદાવાદ મયુનીસીપલ કોરપોરેશન ના ચાંદખેડા ના કોરપેરેટર રાજશ્રીબહેન કેસરી એ તારીખ ૫-૧-૨૨ ના રોજ અમદાવાદ મયુનીસીપલ કોરપોરેશન આયોજિત ફલાવર શો નુ આયોજન સામે નામદાર હાઈકોર્ટે મા પી.આઇ.એલ (જનહીત) ની અરજી કરી હતી..

અમદાવાદ ની ૮૦ લાખ ની જનતા ને કોરોના કોવીડ૧૯ એમીક્રોન થી સંક્રમીત થતી બચાવવા. આજ રોજ ૬-૧-૨૨ ના રોજ અમદાવાદ મયુનીસીપલ કોરપોરેશન ના સતાધીસો ને મોડે મોડે ભાન થતા ફલાવર શો રદ કરવો પડયો છે.. કોંગ્રેસ પક્ષ ના કોરપેરેટર રાજશ્રીબહેન કેસરી ને વિરોધ પક્ષ ની સફળ કામગીરી માટે અભિનંદન

અમદાવાદ મયુનીસીપલ કોરપોરેશન એ પણ ૮૦ લાખ લોકો ને કોરોના કોવીડ૧૯ એમીક્રોન થી મુકત રાખવા કોઈ મેડાવડા નહી કરવા જોઇએ.. ફકત મેડીકલ કેમ્પ યોજવા જોઇએ.. તેમા જ અમદાવાદ ના લોકો નુ ભલુ થશે..અને જાહેર જનતાએ પણ જાહેર કાર્યક્રમ મા નહી જવુ જોઈએ. .જયેશ ગેડીયા

## ખારીઘારીયાલ પ્રા. શાળામાં તીથિભોજન તથા લાઈફ સ્કીલ ડેવલપમેન્ટ અને બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું



રિપોર્ટર નિખિલ જોષી પાટણ

પાટણ જિલ્લા ના ચાણસ્મા તાલુકા ના ખારીધારીયાલ પ્રાથમિક શાળામાં આજ રોજ તા.૫/૧/૨૦૨૨ ને બુધવારના દિવસે તીથી ભોજન તથા લાઈફ સ્કીલ ડેવલપમેન્ટ અને બાળમેળા નું આયોજન કરવામાં આવ્યું નીતિનભાઈ હેમચંદભાઈ પટેલ તરફથી તેમના માતૃશ્રી સ્વ. શારદાબેન ની પુણ્યતિથિ નિમિત્તે શાળાના તમામ વિધાર્થીઓ ને માસ્ક, નોટબુક અને બોલપેન આપવામાં આવી અને કુપોષણ મુક્ત બાળકો રહે નહીં તે માટે શીરો અને મગ નું પૌષ્ટિક તીથીભોજન આપવામાં આવ્યું. તથા નરેશભાઈ પટેલ દ્વારા વ્યસન મુક્ત સમાજ - દેશ અંતર્ગત વિધાર્થીઓ ને પોતાના વાલીઓને વ્યસનથી દુર રહેવા અંગે ખૂબ જ સરસ સમજ આપવામાં આવી. ત્યારબાદ શાળામાં × ગીજુભાઈ બધેકા× બાળમેળા ની શરૂઆત કરવામાં આવી. તેમાં માટીકામ,કાગળ કામ, ચિટક કામ,ચિત્રકામ, રંગપૂરણી, મહેંદી હરીફાઈ,રંગોળી હરીફાઈ,સુલેખન હરીફાઈમાં ધો.૧ થી ધો.૮ ના વિધાર્થીઓએ હોંશભેર ભાગ લીધો.જયારે ધો.૬ થી ધો.૮ ના વિધાર્થીઓમાં જીવન કૈશલ્યના વિકાસ માટે નાસ્તા ઘરનું આયોજન કરવામાં આવ્યું.જેમાં ભેળ બનાવી વેચાણ કરવામાં આવ્યું. શાળાના તમામ શિક્ષકશ્રીઓએ ઉમળકાભેર ભાગ લીધો. શાળાના આચાર્ય શ્રી તથા સ્ટાફ મિત્રો દ્વારા બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું. આ રીતે ખૂબ જ આનંદ કિલ્લોલ સાથે દિવસ પસાર કરવામાં આવ્યો.

## શિક્ષકો શિક્ષણનીતિના મુખ્ય આધારસ્તંભ : શ્રી સુનિતા આહુજા, એજ્યુકેશન સ્પેશિયાલિસ્ટ, યુનિસેફ



અમદાવાદની સાયન્સ સીટી ખાતે આયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશનન્સના બીજા દિવસે ફાઉન્ડેશન લિટરસી એન્ડ ન્યૂમેરસી વિષય પરના સેશનને સંબોધતા દ્ગઝ્રઈઇ્‌ના પ્રારંભિક શિક્ષણ વિભાગના વડા શ્રી સુનિતી સન્વાલે કહ્યું કે, ભાર વિનાનું ભણતર એ હંમેશા ભારત સરકારની પ્રાથમિકતા રહી છે. શ્રી સન્વાલે કહ્યું કે, બાળકની શીખવાની પ્રક્રિયા એ સતત છે, તે માત્ર ક્લાસરૂમ પુરતુ સિમિત નથી. તેમણે શિક્ષણમાં ઈત્તર પ્રવૃત્તિની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. બાળકના શારીરિક અને માનસિક વિકાસમાં આ પ્રવૃત્તિઓ મહત્વની ભૂમિકા ભજવે છે, તેમ પણ શ્રી સુનિતીએ જણાવ્યું હતું.

યુનિસેફના એજ્યુકેશન સ્પેશિયાલિસ્ટ સુનિતા આહુજાએ શિક્ષકોની ભૂમિકા વિશે કહ્યું કે, શિક્ષકો એ શિક્ષણનીતિનો આધારસ્તંભ છે. તેમણે ઉમેર્યું હતું કે, કોવીડના સમયમાં બાળકોને શિખવવા કરતાં અભ્યાસક્રમ પૂર્ણ કરવા પર વધારે ધ્યાન કેન્દ્રીત કરવું પડ્યું હતું. શ્રી આહુજાએ કહ્યું કે, વિશેષ કરીને ધોરણ- ૧- ૨ ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું વધુ પડકારજનક બની રહ્યું છે.

શ્રી આહુજાએ એમ પણ જણાવ્યું હતું કે, તમામ બાળકો વિષયને સમજી શકે અને શીખી શકે એ પ્રકારની પદ્ધતિઓ અપનાવવી પડશે. તેમણે કહ્યું કે, બાળક માત્ર શાળામાં જ નથી શીખતું, પણ તે ઘરે પણ અનેક બાબતો શીખે છે.

શક્તિસિંઘે શીખવાની પ્રક્રિયા અંગેનો અનુભવતા વર્ણવ્યું કે, શીખવું એ એક વાયબ્રન્ટ એક્સિપિરિઅન્સ છે. તેમણે કહ્યું કે, આજે શિક્ષણ હવે માત્ર ક્લાસરૂમ પુરતુ સિમિત નથી રહ્યું. વ્યક્તિ ગમે તે સમયે અને ગમે ત્યાં શીખી શકે છે. શ્રી શક્તિસિંહે શિક્ષકો અને વાલીઓને અનુરોધ કરતા કહ્યું કે, બાળકોને પુસ્તક આપો અને તે તેમાંથી જાતે શીખે તેવો પ્રયાસ કર્યો. શ્રી શક્તિસિંઘે ભાર વિનાના ભણતર પર ભાર મૂકતા કહ્યું કે, બાળકો આનંદ સાથે જ્ઞાન મેળવે તે સૌથી વધુ અગત્યની બાબત છે.

વર્લ્ડ બેંકના એજ્યુકેશન ગ્લોબલ પ્રેક્ટિસના લીડ એજ્યુકેશન સ્પેશ્યાલિસ્ટ(સાઉથ એશિયા રિજન)ના શ્રી શુભમ સિન્હાએ કહ્યું કે, શિક્ષણ અને શિક્ષણનીતિ જેટલું જ મહત્વની શીખવાની પ્રક્રિયા છે. શ્રી સિન્હાએ એમ પણ જણાવ્યું હતું કે કોવીડના સમયગાળામાં બાળકો શાળાએ ન ગયા એટલે શાળાઓ ખુલતા જ તેમની સાથે તાલમેલ સાધવાનું અઘરું બન્યું હતું.

આ સેશનમાં સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટર, સર્વ શિક્ષા અભિયાનના શ્રી રતન કંવર ગઢવી ચારણ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સેશનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ સામેલ થયા હતા.

ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઇન્સ્ટિટ્યુશન વાઇબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ – ૨૦૨૨ સમાપન સમારોહ

# વ્યક્તિ ઘડતર અને સર્વાંગી વિકાસ માટે શિક્ષણ સૌથી મહત્વનું પાસું છે : શ્રી જીતુભાઇ વાઘાણી

## પ્રગતિશીલ શૈક્ષણિક માપદંડોના પગલે ગુજરાત દેશનું મહત્વનું રાજ્ય બન્યું છે : રાજ્યમંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા

અમદાવાદની સાયન્સ સીટી ખાતે વાઈબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ - ૨૦૨૨ના ભાગરૂપે આયોજિત બે દિવસીય 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન'ના સમાપન સમારોહમાં શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઇ વાધાણીએ જણાવ્યુ કે, ICAI-2022મા જે પ્રકારનું આયોજન વ્યવસ્થા અને વિષયો આવરી લેવાયા છે તે અનોખી સિદ્ધિ છે. શિક્ષણનું કામ વ્યક્તિ ઘડતર અને સર્વાંગી વિકાસ માટે સૌથી મહત્વનું પાસું છે.

આ સદંર્ભમાં તેમણે જણાવ્યું કે, નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦નો જે રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે તેના આધાર પર દેશમાં સૌપ્રથમવાર પ્રાથમિક, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમાં આયોજનબદ્ધ રીતે આગળ વધી શકાશે. નવી શિક્ષણ નીતિ દ્વારા પ્રધાનમંત્રી શ્રી એ આપણાં દેશની સંસ્કૃતિ અને સંસ્કારોને સાથે લઈ ચાલવાનું પથ દર્શન કરાવ્યું છે. રોકાણની સાથે શિક્ષણ માટે પ્રધાનમંત્રીશ્રીએ જે કેડી કંડારેલી છે તેના પર ગુજરાતના અનુગામી મુખ્યમંત્રીશ્રીઓએ સમય અનુસાર સુધારાઓ કરી આગળ વધાર્યુ છે એમ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

મંત્રી શ્રીએ વધુમાં કહ્યું કે, ધોરણ ૬થી પી.એચ.ડી સુધીના વિધાર્થીઓને ઈનોવેશન માટે સહાય થકી શિક્ષણની સાથે તેઓને આત્મનિર્ભર કરવાનું આયોજન જીજીૈં ૨.૦થી શક્ય બની રહ્યું છે.

ICAI-2022ની ફલશ્રુતિ પર કામ કરીને નવા માંનાકો સર કરવાની મંત્રીશ્રીએ નેમ વ્યક્ત કરી હતી. રાજયમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી હોલિસ્ટિક ડેવલોપમેન્ટનો અભિગમ ધરાવે છે. ગુજરાત સરકારની શિક્ષણ પદ્ધતિ હરહંમેશ પ્રગતિશીલ અને ફળદાયી રહી છે. ભારતીય શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન માટે સરકારે નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ અમલી કરી છે. નવી શિક્ષણ નીતિના પાયામાં એક્સેસેબિલિટી, ઇક્વિટી અને એફોર્ડેબિલિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે એકવીસમી સદીની પરીકલ્પનાને સાકાર કરશે.

તેમણે વધુમાં ઉમેર્યુ કે, ICAI-2022 પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને સાકાર કરવા માટે માધ્યમ પૂરું પાડ્યું છે. જેના થકી રાજયમાં ડિજિટલ સશક્તિકરણ અને સંશોધન ક્ષેત્રમાં સર્વાંગી વિકાસ થશે. રાજ્યમંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલાએ જણાવ્યું કે, આપણા દેશના વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની ભાગીદારી મજબૂત પૂરવાર થયું છે. પ્રગતિશીલ શૈક્ષણિક માપદંડોના પગલે ગુજરાત દેશનું મહત્વનું રાજ્ય બન્યું છે. ભારત સરકારે શરૂ કરેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો હેતુ શિક્ષણમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન લાવવાનો છે ત્યારે ૨૧મી સદીના ભારતમાં મજબૂત આધારરૂપી આ નીતિ બનવાની છે.

તેમણે આ સંદર્ભમાં ઉમેર્યુ કે, કૌશલ્ય વૃદ્ધિ-સર્વધન અને રોજગારી નિર્માણ માટે આંતરાષ્ટ્રીય કોન્ફરન્સ આ અભિગમને સાકાર કરવા માટે મહત્વનો મંચ પૂરવાર થશે. ૈંઝ્રછૈંના આયોજનમાં સહભાગી સંસ્થાઓના સહયોગને પણ બિરદાવ્યો હતો. ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, નોર્વે, કેનેડા દેશોની સહભાગીદારીના પાત્ર ઉપયોગી પુરવાર થશે એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીના સલાહકાર શ્રી અમિત ખરેએ 'ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઈન્સ્ટિટ્યૂશન'ના સમાપન અવસરે જણાવ્યું કે, બે દિવસ ચાલેલીૈંઝ્રછૈં-૨૦૨૨ની આ કોન્ફરન્સમાં જે સેમિનાર, પેનલ ડિસ્કશન યોજાયા તે ભારતને નવી દિશા આપશે. નવી રાષ્ટ્રીય નીતિ -૨૦૨૦ એ ભારતની સૌથી સારી એજ્યુકેશન પોલિસીમાંની એક છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ જે આત્મનિર્ભર ભારતની સંકલ્પના સેવી છે તેમાં આ કોન્ફરસમાં થયેલી ચર્ચા-સમીક્ષા અને માર્ગદર્શન એજયુકેશન ક્ષેત્રમાં ઉપયોગી સાબિત થશે એમ તેમણે જણાવ્યું હતું. શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી એસ.જે.હૈદરે સમગ્ર ઈન્ટરનેશનલ કોન્ફરન્સનો ચિતાર આપતા જણાવ્યું હતું કે, આ બે દિવસીય ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમી ઈન્સટિટ્યૂટ ખૂબ જ સફળતાપૂર્વક અને આયોજન સાથે પાર પાડવામાં આવી છે.

આ કોન્ફરન્સમાં કુલ ૨૭ જેટલા સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું અને જેમાં અલગ-અલગ વિષયો પર આધારિત પેનલ ડિસ્કશન યોજાયા હતા. ભારતની અને ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા એમ.ઓ.યુ. પણ કરવામાં આવ્યા હતા.

આ કોન્ફરન્સ થકી ભારતના બીજા દેશો સાથે સંબંધો ખૂબ જ મજબૂત બનશે અને ભવિષ્યમાં નવી દિશાઓના આયામો ખુલશે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. આ સમાપન કાર્યક્રમમાં પદ્મશ્રી વિષ્ણુભાઇ પંડયા, ભારત સરકારના શિક્ષણ સચિવ શ્રીમતિ અનિતા કરવાલ, ડાયરેકટર ઓફ ટેકનીકલ એન્ડ હાયર એજયુકેશન શ્રી નાગરાજન, શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા.

## યોગાનંદેશ્વર સરસ્વતી મઠ સ્થિત કૃષ્ણરાજનગરમ્ પીઠનાં શંકરાચાર્યજી મહારાજનાં આશીર્વાદ લેતા ડો.વલ્લભભાઇ કથીરિયા

રાજકોટ

તાજેતરમાં રાજકોટની મુલાકાતે આવેલા દક્ષિણ ભારત ની શ્રી યોગાનંદેશ્વર સરસ્વતી મઠ, કૃષ્ણરાજનગરમ્ પીઠના પ.પૂ. શંકરાચાર્યજી મહારાજને રૂબરૂ મળીને રાષ્ટ્રીય કામધેનુ આયોગ ના પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરિયાએ આશીર્વાદ લીધા હતા. આ પ્રસંગે હિન્દુ ધર્મચાર્ય મહાસભાનાં આંતરરાષ્ટ્રીય મહામંત્રી અને આર્ષ વિદ્યા મંદિરના વડા પ.પૂ.પરમાત્માનંદ સરસ્વતીજીના સાનિધ્યમાં સત્સંગ નો લાભ લીધો હતો.

આ મુલાકાત સમયે ડો. વલ્લભ ભાઈ કથીરિયાએ ગૌ વૈજ્ઞાનિક શ્રી સુબોદ કુમાર દ્વારા સંપાદિત ×વૈદિક ગૌ વિજ્ઞાન× બુક શંકરાચાર્યજીને અર્પણ કરી હતી. આ પુસ્તકમાં વૈદો, પુરાણો અને શાસ્ત્રોમાં ગૌ મહાત્મયના શ્લોકોને એકત્ર કરી વર્તમાન વિજ્ઞાનને અનુરૂપ ભાવાનુવાદ કરવામાં આવ્યો છે. ગાય ના વિજ્ઞાન અને આધ્યાત્મને સંકલિત કરી નવી પેઢીને આર્થિક, સામાજિક, પર્યાવરણીય, આરોગ્ય અને કૃષિ જેવા ક્ષેત્રોમાં ઉપયોગિતા વિષે સરળ રીતે સમજાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન તરીકે બે વર્ષ દરમિયાન ડો. વલ્લભભાઈ કથીરિયાએ કરેલ કામગીરી ની બુક "ગૌ સેવા... રાષ્ટ્ર સેવા..." પણ તેમને અર્પણ કરવામાં આવી હતી. ડો. કથીરિયાએ પૂ. શંકરાચાર્યજી સાથે ગૌ સેવાના વિવિધ પાસાઓ જેવા કે કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં ગૌશાળાઓ ખોલવી, યુનિવર્સિટી અને કોલેજો માં કામધેનુ ચેર ની સ્થાપના કરવી કે જ્યાં ગાયો વિષે ની સંપૂર્ણ માહિતી વિષે બાળકો માહિતગાર થાય અને અવનવા સંસોધનો થાય, ગૌ વિજ્ઞાન પરીક્ષા ને પ્રોત્સાહન પૂરું પાડવું તેમજ પ્રધાનમંત્રીશ્રીના 'આત્મ નિર્ભર' ભારત અને ×મેઈક ઈન ઈન્ડિયા× આંદોલનને ધ્યાનમાં રાખી સમગ્ર દેશની ગૌશાળાઓને તથા યુવા—મહિલા ઉદ્યોમીઓ, મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપ, સામાજીક, ધાર્મિક સંસ્થાઓ અને ગૌસેવકોને ભારતીય દેશી ગાયોના પંચગવ્યમાંથી વિવિધ પ્રોડકટસ બનાવવામાં તેમજ આ અંગેના ઉદ્યોગો સ્થાપવામાં મોટી મદદ મળે. જેના થકી પરોક્ષ રીતે ગૌસેવાનું પુણ્ય પ્રાપ્ત થશે. યુવા-મહિલાઓને રોજગારી મળશે. ગૌશાળાઓ સ્વાવલંબી બનશે સ્વદેશી અને આત્મ નિર્ભરતાનો રાષ્ટ્રીય ઉદ્દેશ સિધ્ધ થશે. ગૌ સેવાના આવા અનેક મુદ્દાઓ પર કરી હતી. આ પ્રસંગે ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના સભ્ય મિતલભાઈ ખેતાણી ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુરક્ષા અને દીર્ઘાયુ માટે મહામૃત્યુંજય મંત્રના જાપ કરાયા

## કોંગ્રેસની નિમ્ન સ્તરની રાજનીતિના કારણે ગઈકાલે થયેલી મોટી ચૂકનો પ્લે કાર્ડ દર્શાવી વિરોધ કરવામાં આવ્યો.



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની સુરક્ષામાં મોટી ચૂક કરી ગઈકાલે પંજાબમાં કોંગ્રેસ સરકારે ગંદી નિમ્ન રાજનીતિ કરી ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવને જોખમમાં નાખવાનું કૃત્ય કરવાનો દુષ્પ્રયાસ કર્યો હતો ત્યારે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ આજરોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સુરક્ષા અને દીર્ઘાયુ માટે સેક્ટર ૨૨માં પંચદેવ મંદિર, સેક્ટર ૨૫માં સંતોષી માતાના મંદિર, ભૈરવનાથ પાર્ટી પ્લોટ રાયસણ પાસે શ્રી રામજી મંદિર સહિત મહાનગરમાં કુલ ૩ જગ્યાએ મહામૃત્યુંજય મંત્રના જાપ કરવાનું આયોજન મહાનગર ભાજપા દ્વારા કરાયું હતું.

પંચદેવ મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ગૌરાંગ પટેલ, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી પીએમ મોદીજીના દીર્ઘાયુ માટે મહામૃત્યુંજયના જાપ કર્યા હતા તેમજ પ્લેકાર્ડ દર્શાવી કોંગ્રેસની નિમ્ન સ્તરની રાજનીતિને વખોડી કાઢી હતી. આ ઉપરાંત સેક્ટર ૨૫માં સંતોષી માતાના મંદિર ખાતે, ભૈરવનાથ પાર્ટી પ્લોટ, રાયસણ પાસે શ્રી રામજી મંદિર ખાતેના કાર્યક્રમમાં સ્થાનિક સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરશ્રીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે કોળી ઠાકોર સમાજના આગેવાનોની પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત યોજાઈ, આ બેઠકમાં સરકારના મંત્રીશ્રીઓ અર્જુનસિંહ ચૌહાણ, આર.સી.મકવાણા, ગજેન્દ્રસિંહ પરમાર, મુકેશભાઈ પટેલ, દેવાભાઈ માલમ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષશ્રી ભારતીબેન શિયાળ, સાંસદ સભ્યશ્રીઓ રાજેશભાઈ ચુડાસમા, ભરતસિંહ ડાભી, પૂર્વ સાંસદ સભ્યશ્રીઓ નટુજી ઠાકોર, શંકરભાઈ વેગડ, જયસિંહ ચૌહાણ, ધારાસભ્યશ્રીઓ કુંવરજીભાઈ બાવળિયા, દિલીપજી ઠાકોર, અજમલસિંહ ઠાકોર, શંભુજી ઠાકોર, આર.સી.પટેલ, કનુભાઈ પટેલ, કેશાજી ચૌહાણ, ભીખાભાઈ બારૈયા, પૂર્વ સંસદીય સચિવ શ્રી હીરાભાઈ સોલંકી સહિતના કોળી ઠાકોર સમાજના અગ્રણીઓ અને શ્રેષ્ઠીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### પાલિકા ચીફ ઓફિસર શોભાના ગાંઢિયા સમાન

# બાયડની યોગેશ્વર સોસાયટીમાં ગટર ઉભરાતા ભરશિયાળે ચોમાસા જેવો માહોલ ...

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

બાયડ ની યોગેશ્વર સોસાયટી માં છેલ્લા કેટલાક દિવસથી ભૂગર્ભ ગટરો ઉભરાવાથી ગંદકીનું સામ્રાજય જોવા મળ્યું છે સોસાયટીના પ્રવેશ દ્વારમાં જ ઠેરઠેર પાણી ભરાતા વૃદ્ધો અને બાળકોને ચાલવામાં મુશ્કેલી પડે છે ત્યારે પાલિકા દ્વારા ઝડપથી કામગીરી કરી ગટર લીકેજ ની સમસ્યા દૂર કરવા સોસાયટી ના રહીશોની માંગ પ્રબળ બની છે સરકાર દ્વારા સ્વચ્છતા માટે કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોય છે ત્યારે બાયડ ભાજપ શાસિત ચાલતી નગરપાલિકા વોર્ડ નંબર ૧ મા આવેલી યોગેશ્વર સોસાયટી છેલ્લા કેટલાક સમયથી રોડ ઉપર ગટરના ગંદા પાણી ઉભરાતા સોસાયટીના રહીશો હેરાન પરેશાન બન્યા છે અને દુર્ગંધ મારતા અને ઉભરાતી ગટરના ગંદા પાણી ને લઈ વિસ્તારમાં ઠેર ઠેર મચ્છર જન્ય રોગો ડેન્ગ્યુ, મેલેરીયા થવાની દહેશત ફેલાઈ રહી છે

ત્યારે આ બાબતે નગરપાલિકા ચીફ ઓફિસર ને ટેલિફોનિક વાત કરતા એજન્સીના માથે ઠીકરું ફોડતા જોવા મળ્યા હતા

અને કહેવામાં આવ્યું હતું કે દસ દિવસમાં નિકાલ કરવામાં આવશે તેમજ નગરપાલિકામાં અનેકવાર મૌખિક અને લેખિત રજૂઆત કરવા છતાં ચીફ ઓફિસર કે પાલિકા પ્રમુખ આંખ આડા કાન કરતા સોસાયટીના રહીશો પરેશાનીમાં મુકાયા છે જયારે યોગેશ્વર સોસાયટી, વિવેકાનંદ સોસાયટી, પાવન ફ્લેટ ના માર્ગ ઉપર ગટરનું ગંદુ પાણી ઉભરાતા ભર શિયાળે ચોમાસા જેવો માહોલ જોવા મળી રહ્યો છે જયારે સોસાયટીના વૃદ્ધો બાળકો તેમજ સોસાયટીના રહીશો ગટરના ગંદા પાણીમાં થઈને જવા માટે મજબૂર થયા છે અને દુર્ગંધ મારતી ઉભરાતી ગટરના પાણીથી તોબા પોકારી ઉઠયા છે હાલમાં એક તરફ કોરોનાવાયરસ ની મહામારી ચાલી રહી છે અને આરોગ્ય તંત્ર એલર્ટ છે વધુ રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્યતંત્ર દ્વારા એડીચોટીનું જોર લગાવી રહ્યું છે અને લોકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવે છે ત્યારે બાયડ નગરપાલિકા ધુતરાષ્ટ્ર ભૂમિકામાં હોય તેમ સોસાયટી ના રહીશોની વેદના જોઈ શકતી નથી કે શું એ પણ બહુ મોટો પ્રશ્ન ઊભો થાય છે જયારે નસીબવન્તા વોર્ડ નંબર ૧ માં અધ્યક્ષ, નગરપાલિકા પ્રમુખ અને દંડક ત્રણેય આ વોર્ડ ના કોર્પોરેટર હોવા છતાં આ વોર્ડની દયનીય હાલત છે તો બાકીના વોર્ડ ની શું પરિસ્થિતિ હશે કે સમજી શકાય છે તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગી સોસાયટીના રહીશો ની પરિસ્થિતિ ને વાચા આપી યોગ્ય કાર્યવાહી કરે તેવી આશા સોસાયટીના રહીશો ઝંખી રહ્યા છે અને જો ઝડપથી યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવે તો સોસાયટીના રહીશો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ગર્ભિત ચીમકી ઉચ્ચારી હતી બાયડ નગરપાલિકાના પ્રમુખ અધ્યક્ષ તથા દંડક ત્રણે વોર્ડ નંબર ૧ ના કોર્પોરેટર હોવા છતાં વોર્ડ નંબર ૧ ની દયનીય સ્થિતિ જોવા મળતા લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો

# અરવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ૧૯ જાન્યુંઆરી-૨૦૨૨ સુધી પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

મોડાસા

જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે ૬ જાન્યુંઆરી -૨૦૨૨ ના કલાક ૦૦-૦૦થી તા. ૧૯ જાન્યુંઆરી -૨૦૨૨ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ .એન.ડી. પરમાર અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે. જેમાં શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,સોટા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઇ વસ્તુઓ લઇ જવા અંગે અથવા સાથે લઈને ફરવુ નહી, કોઇ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઇ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઇ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઇ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલા કોઈપણ અધિકારીશ્રીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનાર, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઇ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઇ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનેરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઇ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં અધિકૃત વ્યકિતઓ, કોઇ પણ અંતિમયાત્રાને, લગ્નના વરઘોડામાં વરરાજાને લાગુ પડશે નહી. આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ એક વર્ષની સજા થઇ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# વણઝર ગામની ૨૧ વર્ષીય યુવતી લગ્નના કપડાં ખરીદવા મોડાસા નીકળ્યાના ગણતરીના કલાકો ગુમ થતા ચકચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં મહિલાઓ, યુવતીઓ અને સગીરાઓ ગુમ થવાની ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે ભિલોડા તાલુકાના વણઝર ગામની ૨૧ વર્ષીય યુવતી ઘરે થી મોડાસા લગ્નના કપડાં લેવા જવાનું કહી ગુમ થઇ જતા ભારે ચકચાર મચી છે ૨૧ વર્ષીય યુવતી ગુમ થતા આખરે પરિવારજનોએ શામળાજી પોલીસ સ્ટેશનમાં પોલીસને જાણ કરતા શામળાજી પોલીસે ગુમ યુવતીને શોધખોળ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.ભલોડા તાલુકાના વણઝર ગામના ગીરીશભાઈ રેવાભાઈ પટેલની ૨૧ વર્ષીય પુત્રી ઘરે થી મોડાસા ખાતે રહેતી બહેનપણી સાથે લગ્નના કપડાં ખરીદી કરવાનું કહી સાંજે બસમાં ઘરે પરત આવી જશેનું જણાવી મોડાસા જવા નીકળ્યા પછી યુવતી મોડી સાંજે ઘરે પરત ન ફરતા યુવતીના પરિવારજનોએ યુવતિનો ટેલિફોનિક સંપર્ક કરતા તેનો મોબાઈલ બંધ આવતા મોડાસામાં રહેતી તેની બહેનપણીનો સંપર્ક કરતા યુવતી તેના સાથે ન હોવાનું જણાવતા પરિવારજનોએ યુવતીની શોધખોળ હાથધરી દીધી હતી યુવતીનો કોઈ અત્તો પત્તો ન લાગતા પરિવારજનો હોફળા-ફોફળા બન્યા હતા અને શામળાજી પોલીસ સ્ટેશનમાં દોડી આવ્યા હતા યુવતી ગુમ થવા અંગે તેના પિતાએ શામળાજી પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરિયાદ નોંધી યુવતીની શોધખોળ હાથધરી હતી

# દાહોદ જિલ્લામાં આગામી પ્રજાસત્તાક દિનની ઉજવણી માટેની બેઠક કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં યોજાઇ

દાહોદ, તા ૬ :

દાહોદ જિલ્લામાં આગામી પ્રજાસત્તાક દિનની ઉજવણી માટેની બેઠક કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતેના સભાખંડમાં યોજાઇ હતી. બેઠકમાં કોરોનાની સ્થિતિ તેમજ રાજય સરકારની માર્ગદર્શિકા મુજબ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવા અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.

બેઠકમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી સ્થળ, વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઉજવણીમાં કયા વિભાગ દ્વારા ટેબ્લો નિર્દેશન કરવામાં આવશે તે નક્કી કરાયું હતું. કાર્યક્રમમાં વિવિધ વિભાગો પાસે આવતી કામગીરી અને જવાબદારી વિશે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમના સ્થળ વિશે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કોરોનાની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ સ્થળ પસંદગી કરવામાં આવશે.

મયુર રાઠોડ, દાહોદ

### દર મહિનાની ૬ તારીખે યોજવામા આવે છે ફાયર મોકડ્રીલ...

# જી.એન.પી.સી ટ્રસ્ટ સંચાલીત જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે ફાયર મોકડ્રીલનુ કરવામા આવ્યુ આયોજન



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આજ રોજ ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે બપોરે ૧૨ વાગ્યે ફાયર મોકડ્રીલનુ આયોજન કરવામા આવ્યુ હતુ.. આજે બપોરે અચાનક જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે આગ લાગી હોવાનો કોલ જનરલ હોસ્પિટલ તરફથી પાલનપુર ફાયર ડિપાર્ટમેન્ટ નગરપાલીકાને તથા એમ્યુલન્સ ૧૦૮ને આપવામા આવ્યો હતો.. ઘટનાની જાણ થતા તાત્કાલીક ધોરણે પાલનપુર નગરપાલીકાના ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોચીને આગ પર કાબુ મેળવવાની તાજવીજ હાથ ધરવામા આવી હતી.. જો કે કામગીરીના અંતે જી.એન.પી.સી ટ્રસ્ટના એક્ઝીક્યુટીવ ઓફિસર શ્રી જવાહર ચંદાણી દ્વારા આ એક મોક્ડ્રીલ હોવાનું જણાવી સરકારની સુચના મુજબ આ કામગીરી હાથ ધરાઈ હોવાનુ જણાવ્યુ હતુ.. આ પ્રસંગે જી.એન.પી.સી ટ્રસ્ટના ચેરમેન શ્રી પી.જે.ચૌધરી સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે સમયાંતરે આગ જેવી દુર્ઘટનાઓ સમયે આગમચેતીના ભાગરૂપે ફાયર મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે. જેથી આપત્તિના સમયે બચાવ કામગીરીને વધુ બહેતર બનાવી શકાય. આ પ્રકારના કોઈપણ બનાવ માટે સી.સી.ટી.વી. કેમેરા મોનિટરીંગ કરતી ટીમની સચેતતા ઘણી અગત્યની રહે છે. આઈ.સી.યુ.માં કામ કરતા સ્ટાફે વારંવાર સેનેટાઈઝરનો ઉપયોગ ટાળવો જોઈએ. આ ઉપરાંત જો શક્ય હોય તો વેન્ટીલેટરને થોડા સમય માટે રેસ્ટ પર મૂકવામાં આવે તે જરૂરી છે.

મોકડ્રીલમાં જનરલ હોસ્પિટલ પાલનપુરનો સ્ટાફગણ, ફાયર બ્રિગેડના જવાનો અને સિક્યુરીટી સ્ટાફના સભ્યોની ટીમ સંયુક્ત રીતે મોકડ્રીલમાં જોડાઈ હતી. જનરલ હોસ્પિટલના મેનેજમેન્ટ દ્વારા અવારનવાર તબીબી, મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફને મોકડ્રીલ અંગેની તાલીમ આપવામાં આવે છે, જેથી વાસ્તવિક દુર્ઘટના બને ત્યારે પોતે મેળવેલી તાલીમનો ઉપયોગ કરીને જાનમાલનું રક્ષણ કરી શકે.

### ટીંટોઈ ગામે વધુ ૪ મકાનોના તાળા તૂટ્યા, પોલીસતંત્ર ઘૂંટણીએ,લોકોમાં રોષ

# અરવલ્લી : મોડાસાના શોપીંગ સેન્ટરની ૮ દુકાનોના તાળા તૂટ્યા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં ગાત્રો થીજાવતી ઠંડીમાં પોલીસ પણ થીજી જતા તસ્કર ટોળકીને મોકળું મેદાન મળી ગયું છે જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ચોરીની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે જીલ્લામાં બંધ મકાન કે દુકાન સલામત ના રહેતું હોવાની ચર્ચા ચાલી રહી છે જીલ્લામાં વારંવાર ઘરફોડ ચોરીની ઘટનાઓ બનતા પ્રજાજનોમાં ચિંતા સાથે ફફડાટ ફેલાયો છે જીલ્લા પોલીસતંત્રએ બેકાબુ બનેલ તસ્કર ટોળકી અને ઘરફોડિયા ગેંગ ને ઝડપી પાડવામાં આવે અને નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા પ્રજાજનોમાં પ્રબળ માંગ ઉઠી છે ટીંટોઈ ગામ તસ્કરો માટે સ્વર્ગ સમાન બન્યું હોય તેમ એક સપ્તાહમાં ૨૪ સ્થળોએ તસ્કર ટોળકી ત્રાટકી હતી ગતરાત્રિએ વધુ ચાર બંધ મકાનોના તાળા તોડી ચોરીની ઘટનાને અંજામ આપતા પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે સતત ચોરીની ઘટનાને પગલે લોકોના ટોળેટોળા ટીંટોઈ ઓપી પર એકઠા થઇ રૂરલ પીઆઇ તોમર સામે આક્રોશ ઠાલવ્યો હતો

મોડાસા શહેરના લિઓ પોલીસ ચોકી અને ચાર રસ્તા પોલીસ ચોકીની મધ્યમાં આવેલા શ્યામસુંદર શોપિંગ સેન્ટરમાં બુધવારે રાત્રે તસ્કરો ત્રાટકી ૮ દુકાનોના તાળા તોડી નાખી નાખી શોપિંગ સેન્ટરમાં આવેલી સ્ટાઈલ વીલા નામની કપડાંની દુકાનમાંથી ૪૫ હજારની રોકડ રકમની ચોરી કરી પલાયન થઇ ગયા હતા શ્યામસુંદર શોપિંગ સેન્ટરમાં એક સાથે ૮ દુકાનોના તાળા તૂટતાં વેપારીઓ દોડી આવ્યા હતા સતત વાહનો અને પોલીસની અવર-જવરથી ધમધમતા રોડ પાસે આવેલા શોપિંગ સેન્ટરમાં તસ્કરો ત્રાટકતા વેપારીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો ચોરીની ઘટનાને પગલે મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામમાં તસ્કરોએ પડાવ નાખતા ૭ દિવસમાં ૨૪ જેટલા સ્થળોએ ચોરીનો પ્રયાસ થતા લોકોમાં ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે બુધવારે રાત્રે વધુ ૪ બંધ મકાનોમાં ત્રાટકી હજ્જારો રૂપિયાની ચોરી કરી ફરાર થઈ જતા ગામલોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે ટીંટોઈ ગામમાં સતત મકાનો અને દુકાનોના તાળા તૂટતાં લોકો ભયના ઓથાર હેઠળ આવી ગયા છે મોડાસા રૂરલ પોલીસ તસ્કર ટોળકીને ઝડપી પાડવા માટે નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા છતાં તસ્કરોનો તળખળાટ યથાવત રહેતા લોકોએ પોલીસતંત્રની કામગીરી સામે ગંભીર આક્ષેપ કર્યા હતા ગામલોકોએ રૂરલ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી હતી ગામલોકોએ ટીંટોઈ આઉટ પોસ્ટમાં ઉમટી પડ્યા હતા અને રૂરલ પીઆઇ મુકેશ તોમર સામે ઉભરો ઠાલવી તસ્કરોને ઝડપી લેવા ઉગ્ર રજુઆત કરી હતી

પૂર્વ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ અરવલ્લી જીલ્લા પોલીસ ભવનની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી મોડાસા તાલુકાના સૌથી મોટા ગામ ટીંટોઈ ખાતે પીઆઈ કક્ષાના પોલીસ સ્ટેશનનો પ્રારંભ કરવાની જાહેરાત કર્યા પછી પૂર્વ ગૃહમંત્રી બદલાતાની સાથે પોલીસ સ્ટેશનની જાહેરાત અભરાઈએ ચઢાવી દેવામાં આવતા ગામ લોકોએ ટીંટોઈ ગામમાં પોલીસ સ્ટેશન ઝડપથી કાર્યરત કરવામાં આવેની માંગ ઉઠી છે

શામળાજી પંથકમાં તસ્કરો મંદિરોને સતત નિશાન બનાવી રહ્યા છે વેજપુર ગામમાં આવેલા હનુમાનજી મંદિરમાંથી દાન પેટી અને ભાથીજી મહારાજના મંદિરમાંથી ચાંદીના નાગ દેવતા અને આભૂષણો ચોરી થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે

### મહેસાણા જીલ્લાના ઉપેસા ના શ્રીમાન કેશવભાઈ પટેલને

# કેલિફોર્નિયા-લોસ એન્જેલસમાં લાઈફ ટાઈમ એવીચમેન્ટ એવોર્ડ થી સન્માન....




એક્સલ ફાઉન્ડેસન U S A અને × નીયો હિન્દુ યુનિટી × મુવમેન્ટ ના શ્રીમતિ ચારૂ શિવકુમાર અને અન્ય સામાજીક કાર્યકરો દ્વારા શ્રીમાન કેશવભાઈ પટેલ ને × લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ દ્વારા સન્માનવામાં આવ્યા... શ્રી કેશુભાઈ પટેલ ૧૯૯૭ થી કેલિફોર્નિયાના લોસ એન્જેલસમાં સામાજીક ક્ષેત્રે સક્રીય છે. તેઓશ્રી વિશ્વ પરીષદ અમેરીકાના લોસ એન્જલસના પ્રમુખ, ઈન્ડો અમેરીકન કોમ્યુનીટી ઓફ સર્ધન કેલિફોર્નિયાના પ્રમુખ , આર.એચ.એન. ઈ.સી. ના ટ્ર્સ્ટી જેવા વિવિધ હોદદા સંભાળીને દરેક સંસ્થાના સેવા કાર્યક્રમમાં ઉમદા યોગદાન આપીને સમાજમાં ગૌરવભરી રીતે નામના મેળવી છે. આ સિવાય અન્ય સંસ્થાઓમાં તેમની સેવાઓ અમૂલ્ય છે. મહેસાણા જિલ્લાના ઉપેસા ગામમાં જન્મ, પ્રારંભીક સમય કપરો રહ્યો, અભ્યાસ બાદ ખેડા જીલાના ભાદરણ ની શાળામાં વાઈસ પ્રીન્સીપાલ તરીકે સેવા આપી... ત્યાર બાદ પાટણમાં શેઠ એમ.એન.સાયન્સ કોલેજમાં પ્રીન્સીપાલ તરીકે સેવા આપી.

તેઓ હંમેશ દેશ પ્રથમ. ધર્મ માટે જાગૃત, સમાજને જ્યારે જરૂર પડે ત્યારે તુર્તજ દોડવું, એ ધ્યેયને વરેલા શ્રી કેશુભાઈ ના જીવન કાળ દરમ્યાન અગણીત ઉદાહરણો પ્રેરણારૂપ છે. દુષ્કાળ હોય - ધરતીકંપ હોય, બ્લડ ડોનેશન કાર્યક્રમ હોય, ગાંધિ જયંતી, યુનિટી કે શોર્ય ડે, આધ્યાત્મિક ડે. અસ્મીતા ડે. જેવા પ્રેરક કાર્યક્રમો તેમની વિશિષ્ટતા છે. આ પ્રસંગે શ્રીમતિ ચારૂ શીવકુમાર , સુરેખા મોદી, અરવિંદ પટેલ,યાત્રી શુક્લા,કામિની ખરે,ઈલા મહેતા,હરખ વસા અને અન્ય આગેવાનોએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ગુજરાત દર્પણ અને ગુજરાત ટાઈમ્સ વતીથી શ્રી કાન્તિભાઈ મિસ્ત્રી અને શ્રી હર્ષદરાય એ ખાસ હાજરી આપી હતી.

( માહિતીઃ- હર્ષદરાય શાહ અને તસ્વિરઃ- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.